**સુવિચાર**
''ભૂલો ગણવાથી નહી, ભૂલો અવગણવાથી સંબંધોની મધુરતા સચવાઈ રહે છે.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૭/૦૨/૨૦૨૬, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ મહા વદ-અમાસ વર્ષ : ૧૭ અંક : ૦૫૫

## જગતાત ગણાતા ખેડૂતોએ લોહી-પાણી એક કરીને તૈયાર કરેલ પાકનું આગમન

# અમરેલી, સાવરકુંડલા માર્કેટયાર્ડમાં ધાણીની ભરપુર આવક

**માર્કેટયાર્ડમાં પ્રતિ મણ ધાણા અને ધાણીનો ભાવ ૧૫૦૦થી લઈને ૨૨૭૦ સુધી મળે**

**ખેડૂતોને ૨૨૦૦થી વધારે ભાવ મળે તો બે પૈસા કમાઈ શકે**

**જો કે દરરોજ ભાવમાં ચડઉતર જોવા મળતાં ઊંચો ભાવ સ્થિર થાય તે જરૂરી**

**જિલ્લામાં પુરતા પ્રમાણમાં વરસાદથી ધાણાનું ઉત્પાદન સારૂ એવું થયું છે**








અમરેલી, તા. ૧૬

અમરેલી, સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડમાં હાલ પુષ્કળ પ્રમાણમાં ધાણા અને ધાણીની આવક થઈ રહી છે. માર્કેટિંગ યાર્ડમાં મોટા મોટા ઢગલાઓ ધાણા અને ધાણીના પડયા છે. લીલાછમ ધાણા અને ધાણીથી યાર્ડ ભરાઈ ગયું છે તેવી મબલખ આવક હાલ યાર્ડમાં જોવા મળી રહી છે. ત્યારે યાર્ડમાં હરરાજીમાં ૧૫૦૦થી શરૂ કરીને ૨૨૭૦ સુધીના ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળતા ખેડૂતોમાં ખુશહાલી જોવા મળી રહી છે ને યાર્ડમાં જાહેર હરરાજીમાં ખેડૂતોના ખેત જણસોના ભાવો પૂરતા મળી રહ્યા હોવાનું ખેડૂતો ખુશી વ્યકત કરી રહ્યા છે.

સાવરકુંડલા અને અમરેલી યાર્ડમાં ધાણાની આવક થઈ રહી છે. ૧૯૫૦ જેવા ભાવો ખેડૂતોને મળી રહ્યા છે ને ખેડૂતોને હજુ ૨ દિવસ પહેલા ૨ હજાર ઉપરાંતના ભાવો મળતા હતા પણ હાલ ૧૮૦૦ જેવા ભાવો પણ મળી રહ્યા હોય ને આ ભાવો જળવાઈ રહે તો ખેડૂતોને ખાતર, બિયારણ સહિતના ખર્ચાઓ બાદ ભાવો જળવાઈ રહે તો ખેડૂતોને ફાયદો થાય તેવું ખેડૂતો કહી રહ્યા છે. ત્યારે માર્કેટિંગ યાર્ડમાં અમરેલી, સાવરકુંડલામાં સારી ધાણા

**અનુસંધાન પાના ૬ ઉપર**

અપોલો હોસ્પિટલ્સ-અમદાવાદના સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા ઓપીડી
અમરેલી માં...
Apollo HOSPITALS

દર મહિનાના પહેલા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી
ડો. જતીન વખારિયા
કન્સલટન્ટ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન
MBBS, DNB (Orthopedics), D'Ortho, FIAS

દર મહિનાના બીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી
ડો. પાર્થ જોષી
MBBS, Dr NB ન્યુરોસર્જરી, એન્ડોવાસ્ક્યુલર અને વાસ્ક્યુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ (મણિપાલ, બેંગ્લોર)
મિનિમલી ઇન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઇન સર્જન

દર મહિનાના ત્રીજા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી
હેમેટો-ઓન્કોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત લેફ્ટનન્ટ જનરલ (ડૉ.) વેલુ નાયરની ટીમમાંથી
ડો. સંદીપ ખેની
હેમેટો-ઓન્કોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત

દર મહિનાના ત્રીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી
ડો. શ્રેયા બુટાલા
MD, DM Gastro (SGPGIMS),
Consultant Gastroenterologist and Hepatologist

આસ્થા હોસ્પિટલ
લિલિયા રોડ, બી.એમ. ચોક, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
સંપર્ક : ૮૨૩૮૯૮૪૦૦૦ | ૭૬૯૮૮૧૫૩૧૫
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો :
+91 8238984000 & 7698815315
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
અપોલો હોસ્પિટલ, અમદાવાદ
પ્લોટ નં. ૧-એ, ભાટ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, એરપોર્ટ રોડ, અમદાવાદ - ગાંધીનગર. 8401801066

ઓફીસ / ફ્લેટ વેચવાના છે....
મોકાની ઓફીસ ફુલ ફર્નિચર અને ભાડાની આવક સાથે વેચવાની છે.
ગીરધરભાઈ સંગ્રાહલય શોપીંગ સેન્ટર
પોસ્ટ ઓફિસ સામે - અમરેલી
કસમાં ફ્લેટ વેચવાનો છે...
ગોકુલધામ એપાર્ટમેન્ટ, લાઠી રોડ - અમરેલી
સંપર્ક : 9377448644

ડોક્ટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ

ડો. વિરલ વસાણી — ન્યુરો એન્ડ સ્પાઈન સર્જન
મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત
તા. ૧૯/૦૨/૨૦૨૬- ગુરૂવારે, સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦


ડો. કૈવંત પટેલ — ઈન્ટરવેન્શનલ પલ્મોનોલોજીસ્ટ
ફેફસાના રોગો અને એડવાન્સ બ્રોન્કોસ્કોપીના નિષ્ણાંત PFT રીપોર્ટની સુવિધા ઉપલબ્ધ છે
તા. ૧૯/૦૨/૨૦૨૬- ગુરૂવારે, સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦

ડો. જય વિઠલાણી — કાર્ડિયોલોજીસ્ટ
હૃદયરોગના નિષ્ણાંત
તા. ૨૦/૦૨/૨૦૨૬- શુક્રવારે, સવારે ૧૧:૩૦ થી ૦૧:૦૦

ડો. મૈત્રેય જોષી — યુરોલોજીસ્ટ એન્ડ એન્ડ્રોલોજીસ્ટ
કિડની, પથરી અને વ્યંધત્વના રોગોના નિષ્ણાંત
તા. ૨૧/૦૨/૨૦૨૬- શનિવારે, સાંજે ૦૫:૦૦ થી ૦૬:૦૦

(જુના દર્દીએ રીપોર્ટ સાથે લાવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪
ડોક્ટર હાઉસ અમરેલી — કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોકાસરા (M.S.) | ડો. ક્રષ્ટિ પંડયા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ) મો. ૮૧૦૭૩ ૯૧૫૯૯
ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એન.બી - ગાયનેક. ઇનફર્ટીલિટી સ્પેશ્યાલિસ્ટ) મો. ૯૯૧૩૬ ૪૯૨૩૦

હાર્દિક અભિનંદન



શ્રી મુકેશભાઈ ખોખરીયા
પ્રમુખ : અમરેલી જિલ્લા ભાજપ કિસાન મોરચા
મુ. અમરાપરા, તા. બાબરા, જી. અમરેલી

અમરાપરા સીતારામ ધુન મંડળના મુખ્ય ગાયક તેમન સંચાલક તેમજ ૪૦ વર્ષથી પક્ષીઓની અવીરત સેવા કરી રહયા હોય, એવા અમારા સીતારામ ધુન મંડળનાં લોકપ્રિય તેમજ સેવાકિય પ્રવૃતિઓમાં ખુબ સારી સેવા આપી રહયા હોય, એવા અમારા સૌના પ્રિય આગેવાન અમરાપરા ગામના યુવા આગેવાન સૌને સાથે રાખીને ચાલનારા વ્યકિતત્વને ભારતીય જનતા પાર્ટી દ્વારા શ્રી મુકેશભાઈ ખોખરીયા ને અમરેલી જિલ્લા ભાજપ કિસાન મોરચાના પ્રમુખ તરીકે નિમણુંક કરાતા તેઓને તેમજ ભારતીય જનતા પાર્ટીને હાર્દિક અભિનંદન સહ આપ રાજકીય ક્ષેત્રે તથા સામાજીક ક્ષેત્રે આગળ વધતાં રહો તેવી ભગવાન શ્રી રામને પ્રાર્થના સહ.....

શુભેચ્છક...
સીતારામ ધુન મંડળ
મુ. અમરાપરા, તા. બાબરા, જી. અમરેલી

# પાલિકાનાં પૂર્વ પ્રમુખ મનિષાબેન રામાણીએ ચીફ ઓફિસરને પત્ર પાઠવ્યો

# અમરેલી પાલિકાની "લેગસી વેસ્ટ"ની કામગીરીમાં ભ્રષ્ટાચારનો આક્ષેપ

### પાલિકાનાં વર્તમાન પ્રમુખ સહિતનાં શાસકો વિરૂધ્ધ તેના જ પક્ષનાં પૂર્વ પ્રમુખનાં ભ્રષ્ટાચારનાં આક્ષેપથી ચકચાર

### જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાનો નિયમ વિરૂધ્ધ દુરૂપયોગ થતો હોવાની પણ રજૂઆત

### સત્તા પક્ષનાં અનેક સદસ્યોએ બિલ મંજૂર ન કરવા રજૂઆત કરી હોય છતાં પણ બિલ પાસ કરાશે તો જવાબદારી કોની ?

### શહેરની દોઢ લાખ જનસંખ્યા ગંદકી, બંધ સ્ટ્રીટલાઈટ, રખડતા શ્વાન સહિતની સમસ્યાથી ચિંતિત : શાસકો વચ્ચે ઘમાસાણ

અમરેલી, તા. ૧૬

અમરેલી પાલિકાની પાંચ વર્ષ પહેલા યોજાયેલ સામાન્ય ચૂંટણીમાં ભાજપનાં વિકાસનાં વચનોનાં આધારે શહેરીજનોએ પાલિકામાં પ્રચંડ બહુમતીથી ભાજપને સત્તાનું સુકાન સોંપી દીધુ અને બદલામાં મોટાભાગનાં વચનોને ભૂલી જવાયા અને પાલિકાનાં વર્તમાન શાસકો વિરૂધ્ધ તેના જ પક્ષનાં પાલિકાનાં પૂર્વ પ્રમુખ મનિષાબેન રામાણીએ આક્ષેપ કરતો પત્ર ચીફ ઓફિસરને પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી નગરપાલિકા ધ્વારા (નાગેશ કોર્પોરેશન) લેગસી વેસ્ટ ટેન્ડર આઈડી ૨૩૪૦૯૯ (જુના કચરા)ના ઉપાડ તથા પ્રક્રિયા માટે ટેન્ડરની ફાળવણી સુયોગ્ય રીતે સુનિશ્ચિત વ્યકિત વિશેષને ફાળવવામાં આવેલ હોય. જે ખાસ શરતોને આધિન આ ટેન્ડર આપવામાં આવેલ હોય તે મતલબની એકપણ કામગીરી હાલનાં તબકકે થઈ રહેલ ન હોય અને તેમ છતાં સરળતાથી તેમનાં પેમેન્ટ ખોટી રીતે ચુકવી આપવામાં આવી રહેલ હોય અને મોટા વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચાર થઈ રહેલ છે.

વધુમાં જણાવેલ છે કે, લીગસી વેસ્ટનાં ટેન્ડરની ખાસ શરતોને આધીન જેટલા ટન કચરો બહાર જવો જોઈએ તેટલા ટન કચરો બહાર જતો ન હોવાનું પણ સારી રીતે જાણતા હોવા છતાં તેવી એજન્સીનું પેમેન્ટ કરી અમરેલી નગરપાલિકા તેમજ સરકારની ગ્રાન્ટનો દુરૂપયોગ કરી મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર થતો હોવાની સંપૂર્ણ જાણ હોવા છતાં તેવા પેમેન્ટ કોઈનાં ઈશારે થઈ રહેલ હોવાનું સામેલ આવેલ હોય. ત્યારે અમો તમામ સભ્યો આ અગાઉ લેખીત અરજ અહેવાલ સાથે વાંધો લીધેલ હોય જેની અનદેખી કરી હાલની આ પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ હોય. જેથી સંપૂર્ણ જવાબદારી આગામી સમયમાં આપની અંગત રહેશે.

વધુમાં જણાવેલ છે કે, લીગસી વેસ્ટનાં ટેન્ડરની શરતોને આધિન સાઈડ ઉપર ટેકનીકલ કર્મચારીની હાજરી હોવી ફરજીયાત છે. પરંતુ સાઈડ ઉપર કોઈપણ પ્રકારનાં ટેકનીકલ કર્મચારી હાજર હોતા નથી. સાઈડ ઉપર કચરાની આવત તથા જાવકનાં રજીસ્ટરો રાખવા પણ અત્યંત જરૂરી હોવા છતાં એવા કોઈ રજીસ્ટરો નિભાવવામાં આવતા ન હોય, જે પણ અત્યંત ગંભીર બાબત ગણાય. આ સિવાય ટેન્ડરની શરતો મુજબ ટેન્ડર આઈડી નં. ૨૩૪૦૯૯ મુજબ સીમેન્ટ પ્લાન્ટ/વેસ્ટ એનર્જી WTE પ્લાન્ટનું RDF નીકાલનું રજીસ્ટર સાઈડ ઉપર ઉપલબ્ધ નથી જે પણ અત્યંત ગંભીર બાબત હોવા છતાં અનેકેન પ્રકારે આ તમામ વહીવટ કોઈ વ્યકિત વિશેષનાં આગ્રહ તળે કોઈ વ્યકિતનાં અંગત લાભ મેળવવા તમામ ગંભીર બાબતોની અનદેખી કરી ખોટી રીતે ગેરકાયદેસર પ્રક્રિયાને વેગ આપવામાં આવેલ રહેલ છે.

વધુમાં જણાવેલ છે કે, RDF નિકાલ કરાર કરવામાં આવેલ ન હોય તેવું અમોને જણાય છે. તેમજ ટેન્ડરની શરતો મુજબ ૧૫ મેટ્રિક ટન ક્ષમતા ધરાવતું RDF શ્રેડર સ્થાપિત કરવામાં આવેલ નથી. જે ટેન્ડરની શરતોનું પાલન થતું ન હોય અને WTEની શરતોનું પાલન થતું નથી. તેમજ ટેન્ડરની શરતો મુજબ બે ટ્રોમેલ મશીન ઉપલબ્ધ હોવા જોઈએ જે સ્થળ ઉપર કયાંય જણાય આવતા નથી. જે સ્ક્રીન (લઅગ–અલગ પ્લાસ્ટીકનો કચરો) પ્રોસેસનું પાલન થતું નથી. તેમજ તેનું પણ કોઈ રજીસ્ટર મેઈન્ટેઈન થતું હોય તેવું કોઈ રજીસ્ટરકે રેકર્ડ જાળવવામાં આવતુ નથી.

વધુમાં જણાવેલ છે કે, વજનપુલ સ્થાપિત કાર્યરત હોય પણ કેલીબ્રેશન અને દૈનિક લોગબુક જાળવવામાં આવતો નથી. તેમજ અંદાજે ૭૪,૦૦૦ ટન કચરો દર્શાવેલ હોય તે અંદાજીત હોય છે. વાસ્તવીક સ્થળ ઉપર તે બાબતે તપાસ કરતાં અમોને ૭૪,૦૦૦ ટન કચરો ત્યાં ઉપલબ્ધ હોય તેવું જણાતું નથી. તેમજ આ જથ્થાનો સર્વે કોના ધ્વારા કરવામાં આવેલ છે તેમજ તે મતલબનું વજન હોય તે પણ કોના ધ્વારા તૈયાર કરવામાં આવેલ છે તે પણ એક તપાસનો વિષય છે. વધુમાં સ્થાપિત ટ્રોમેલ અલગ કરી નિકાલ કરી શકે નહી તેથી તેનો હેતુ જળવાતો હોય તેવું અમોને લાગતુ ન હોય, તેમજ સાથે સાથે RDF જનરેશન અને નિકાલનાં કોઈ દસ્તાવેજો જાળવવામાં આવત નથી. જે દૈનિક કચરાનું વિભાજન કરવામાં આવે છે તેનો પણ રજીસ્ટર નિભાવવામાં આવતુ નથી જે પણ અમોની જાણમાં આવેલ છે જે અત્યંત ગંભીર બાબત ગણાય.

વધુમાં અમો કારોબારીમાં જનરલ બોર્ડની મંજુરીની અપેક્ષાએ અથવા પ્રમુખનાં અધિકારની રૂઈએ જનરલ બોર્ડની મંજૂરીની અપેક્ષાએ બીલ મંજૂર કરવામાં આવશે તો પણ ચીફ ઓફિસરની અંગત જવાબદારી આવશે તેમજ કન્સલટીંગ એજન્સીની મંજૂરીથી કરવામાં આવશે તો પણ આપની અંગત જવાબદારી રહેશે.

વધુમાં જણાવેલ છે કે, આ બાબતે અમો સભ્યોએ લેખીતમાં અરજ સાથે આ બાબતે વિગતવાર અરજ અહેવલા કરેલ હોય જેને અવગણી કોઈ ચોકકસ વ્યકિત વિશેષનાં લાભમાં શા માટે ખોટા નિર્ણયો લઈ મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપવામાં આવી રહેલ છે. સદર (નાગેશ કોર્પોરેશન) લેગસી વેસ્ટ ટેન્ડર આઈડી ૨૩૪૦૯૯ (જુના કચરા)નું કામ એજન્સીને આપ્યા બાદ સતત ભ્રષ્ટાચાર થતો હોવાની જાણ હોવા છતાં સદર એજન્સીને ખોટી રીતે નગરપાલિકા તેમજ સરકારની ગ્રાન્ટનો ખોટી રીતે ઉપોગ કરી સદર પેમેન્ટનું ચુકવણું થતું હોય જે કાયદાકીય રીતે ન્યાયોચીત જણાતું ન હોય. જેથી સદર એજન્સીને ખાસ શરતોને આધિન કામગીરી સોંપવામાં આવેલ હોય તેનો યોગ્ય અમલ થતો ન હોવાથી તેનું પેમેન્ટ નહી કરી અટકાવવા સુચીત કરવામાં આવે છે. સને વર્ષ ૨૦૨૪/૨૫–૨૬નાં બજેટમાં સમાવેશ ના હોય તેવા કામોનાં ચુકવણા ન કરવા તેમજ રાજય સરકાર અને કેન્દ્ર સરકારની ગ્રાન્ટમાંથી થતાં રોડ તેમજ બાંધકામનાં કામોની ગુણવતા અને માણ સાઈઝની ઉચ્ચ કક્ષાની વિજીલન્સની તપાસણી કરવા અમારી માંગણી છે અને ત્યારબાદ સદર થયેલ કામનાં ચુકવણાં કરવા વધુમાં રાજય સરકાર અને કેન્દ્ર સરકારની ગ્રાન્ટમાંથી થતાં બાંધકામમાં કામો માનવ વસાહત ન હોય, તેવી જગ્યાએ રોડનાં કામો કરવામાં આવતા હોય તેવું અમારી જાણમાં આવેલ હોય. જે યોગ્ય ન ગણાય અને વ્યકિત વિશેષને બિલ્ડરને લાભ પહોંચાડવા માટે રોડનાં કામ થતાં હોય તેવું અમારી જાણમાં આવેલ છે. તેની યોગ્ય તપાસ કરવી તેમજ પાણાખાણ વોટરવર્કસની કમ્પાઉન્ડ વોલ ઉભી કરવાનું કામ પણ ખોટી રીતે કરવામાં આવી રહેલ હોવાનું અમોની જાણમાં આવેલ છે. આ તમામ કામ વ્યકિત વિશેષનાં લાભાર્થે થતું હોય તેવું અમારી જાણમાં આવેલ છે તેની પણ યોગ્ય તપાસ કરવાની આપની નૈતીક ફરજ બને છે. આ તમામ પાછળ સરકારની વેસ્ટ ઓફ મની થતી હોય તપાસ કરવા આ અંગે ત્વરીત નિયમાનુસાર તપાસ કરી કસુરવાર સામે ફોજદારી રાહે પગલા લઈ નૈતીક અને વહીવટી ફરજ બજાવવા અંતમાં માંગ કરેલ છે.

---

### ગ્રામ્ય વિસ્તારમાં ફફડતા જીવે જીવવું પડે તેવી સ્થિતિ

## અમરેલીનાં પીઠવાજાળ નજીક બાળકી ઉપર વન્ય પ્રાણીનાં હુમલાથી ફફડાટ

### ઈજાગ્રસ્ત બાળકીને સારવારમાં ખસેડાઈ



અમરેલી, તા. ૧૬

અમરેલી જિલ્લામાં છેલ્લા એક દિવસમાં સિંહણનાં હુમલાથી એક મહિલાઃનું મોત થયું તો પીઠવાજાળ નજીક વન્ય પ્રાણીએ પાંચ વર્ષની બાળકી ઉપર હુમલો કરી ઈજા પહોંચયાની ઘટનાં બની છે.

અમરેલીનાં પીઠવાજાળ –ગાવડકા માર્ગ ઉપર સીમ વિસ્તારમાં કપાસનાં ખેતરમાં રમતી પાંચ વર્ષની બાળકી ઉપર વન્ય પ્રાણીએ હુમલો કરતાં બાળકીએ ચીસાચીસ કરતાં વન્ય પ્રાણી નાસી છુટયું હતું. ઈજાગ્રસ્ત બાળકીને સારવારમાં ખસેડવામાં આવી છે.

અમરેલી જિલ્લામાં વન્ય પશુઓ ધ્વારા આજે ધારી પંથકમાં એક મહિલાને ફાડી ખાધાની ઘટનાના પડઘાં હજુ સમ્યા પણ નથી. ત્યાં જ બીજો બનાવમાં અમરેલી નજીક આવેલ પીઠવાજાળ ગામે એક વન્ય પ્રાણી દીપડાએ પીઠવાજાળ–ગાવડકા રોડના સીમ વિસ્તારમાં એક ૫ વર્ષની પરપ્રાંતીય ખેત મજૂર બાળકી પર હુમલો કરી નખ મારી દેતાં બાળકીને સારવાર માટે અમરેલી દવાખાને ખસેડાયેલ છે. આ બનાવ અંગે સ્થાનિક સરપંચે વનવિભાગને જાણ કરતાં વનવિભાગ પણ ઘટના સ્થળે દોડી આવી કાર્યવાહી હાથ ધરેલ છે.

આ બનાવ અંગે મળતી માહિતી મુજબ અમરેલી તાલુકાના પીઠવાજાળ ગામે રહેતાં પરપ્રાંતીય ખેત મજૂર છોટુભાઈ વાસ્કેલની ૫ વર્ષની પુત્રી પૂર્વી પીઠવાજાળ–ગાવડકા રોડના સીમ વિસ્તારમાં આવેલ કપાસનાં ખેતરમાં રમી રહેલ હતી. ત્યારે એક વન્યપ્રાણી દીપડાએ હુમલો કરી નખ મારી ઘાયલ કરી દેતાં બાળકીને ચીસાચીસ કરી દેતાં અન્ય લોકો પણ મદદ માટે દોડી આવતાં દીપડો બાળકીને છોડી નાશી ગયેલ હોય બાદમાં ઘવાયેલા બાળકીને સારવાર માટે અમરેલી દવાખાને ખસેડાયેલ છે.

આ બનાવ અંગે સ્થાનિક સરપંચે જણાવ્યું હતું કે છેલ્લા ચાર પાંચ દિવસથી આ પંથકમાં વન્ય પ્રાણીનાં આંટાફેરા જોવા મળતાં હતાં. અને આ અંગે લીલીયા વનવિભાગને જાણ કરવામાં પણ આવેલ હતી. ત્યારે આ બનાવ બાદ વનવિભાગ પણ ઘટના સ્થળે દોડી આવી કાર્યવાહી હાથ ધરેલ છે.

---

### રાની પશુઓનાં અવારનવાર હુમલાથી અમુલ્ય માનવ જીંદગીનો અંત થાય છે

## અરેરાટી : ધારીનાં ગોવિંદપુર ગામે નદી વિસ્તારમાં સિંહણનાં હુમલાથી પ્રૌઢ મહિલાનુ મોત થયુ

### આજુબાજુનાં શ્રમિકોએ મહામુસીબતે મહિલાને સિંહણનાં મોંમાથી છોડાવી : સિંહણ પાંજરે પુરાઈ



અમરેલી, તા. ૧૬

અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાંક સમયથી વન્ય પશુઓ દ્વારા હુમલાના બનાવોમાં વધારો જોવા મળી રહયો છે. આવા બનાવોમાં ખેતમજુર પરિવારનાં સભ્યો ભોગ બનતાં હોય જેને લઈ વાડી વિસ્તારમાં રહેતા પરિવારમાં ભયનો માહોલ સર્જાયો છે. ત્યાંરે આજે બપોરનાં સમયે ગીર કાંઠાનાં ધારી તાલુકાના ગોવિંદપુર ગામ નદી વિસ્તાર એક સિંહણે એક મહિલા ઉપર જીવલેણ હુમલો કરી મહિલાને ફાડી ખાતા મહિલાને ધારી દવાખાને ખસેડાયેલ હતી. જયારે વનવિભાગ ઘટનાં સ્થળે પહોંચી માનવભક્ષી સિંહણને પીંજરે પુરવા કાર્યવાહી હાથ ધરેલ હતી. અને માત્ર ગણતરીના કલાકોમાં માનવ ભક્ષી સિંહણને દલખાણીયા રેન્જ દ્વારા પીંજરે પુરવામાં સફળતા મેળવેલ છે.

આ બનાવમાં સૂત્રોમાંથી મળતી વિગત મુજબ ધારી તાલુકાના ચલાલા ગામનાં વતની અને હાલ ગોવિંદપુર ગામે નદી વિસ્તારમાં આવેલ કેરીનો બગીચામાં કામ કરી રહેલ મંજુલાબેન ધીરૂભાઈ સોલંકી આશરે ૪૫ વર્ષીય મહિલા સહિતનાં લોકો કામ કરી રહયાં હતાં.

ત્યારે બપોરનાં સાડા ત્રણ વાગ્યા આસપાસ જંગલ વિસ્તારમાંથી અચાનક જ એક સિંહણે આવી ઝપટ બોલાવી મહિલા ઉપર હુમલો કરી દીધો હતો. ત્યારે મહિલાએ ચીસાચીસ કરી મુકતા આજુબાજુમાં કામ કરી રહેલા શ્રમિકો એક્ઠાં થઈ જતાં અને મહિલાને સિંહણના મોં માંથી છોડાવવા માટે હાકલા પડકારા તથા લાકડીઓ જમીન ઉપર પછાડી અને મહામુસીબતે મહિલાને છોડાવી હતી.

ત્યારે આ મહિલાનાં પતિ સહિતનાં લોકોએ તેણીને ધારી સરકારી દવાખાને ખસેડતાં ફરજ પરનાં તબીબે તેણી મૃત જાહેર કરી હતી. આ બનવાની જાણ વનવિભાગને જાણ કરવામાં આવતાં વનવિભાગના આર.એફ.ઓ. તેમજ પોલીસ ઘટનાં સ્થળે પહોંચી માનવભક્ષી સિંહણને પીંજરે પુરવા કાર્યવાહી હાથ ધરી હતી. અને માત્ર ગણતરીના કલાકોમાં માનવ ભક્ષી સિંહણને દલખાણીયા રેન્જ દ્વારા પીંજરે પુરવામાં સફળતા મેળવેલ છે. આ બનાવને લઈ વાડી વિસ્તારમાં રહેતા પરિવારમાં ભયનો માહોલ સર્જાયો હતો. તેમાં હાશકારો જોવા મળેલ હતો.

---

### ચિ. રૈયાણી સંગ ચિ. કૌશલ કથીરીયા

## અમરેલીમાં રૈયાણી પરિવારનાં આંગણે લગ્નોત્સવ યોજાશે

### આગામી શનિવારે સાંજના ૮ કલાકે લગ્નોત્સવ

અમરેલી, તા. ૧૬

અમરેલી નિવાસી વેપારી આગેવાન એવમ ધાર્મિક સંસ્થા એવમ સામાજીક સંસ્થા એવમ સહકારી સંસ્થા એવમ રાજકીય સંસ્થા એવમ દરેક સમાજ સાથે સંકળાયેલા તેવા સ્વ. સવિતાબેન એવમ કાળુભાઈ રૈયાણીની પૌત્રી એવમ ભાવનાબેન એવમ ઘનશ્યામભાઈ રૈયાણીની સુપુત્રી એવમ સેજલબેન રાજેશભાઈ રૈયાણીની ભત્રીજી ચિ. રશ્મિના શુભ લગ્ન અમદાવાદ નિવાસી હંસાબેન એવમ જયંતીભાઈ કથીરીયાના સુપુત્ર ચિ. કૌશલ સાથે તા. ૨૧/૦૨/૨૦૨૬ શનિવારના શુભ દીને રાત્રીના ૮:૦૦ કલાકે ગણેશ પાર્ટી પ્લોટ, અમરેલી ખાતે નિર્ધારિત છે.

---

### જાફરાબાદનાં સામાકાંઠા વિસ્તારની ઘટના

## લ્યો બોલો : ભાણકીએ મામાનાં મકાનમાંથી સોનું અને મોબાઈલ ઉઠાવ્યા

### પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૧૬

જાફરાબાદ ગામે આવેલ સામાકાંઠે વિસ્તારમાં લોકી વિરડાની બાજુમાં રહેતા અરવિંદભાઈ પોલાભાઈ સોલંકી નામનાં ૩૫ વર્ષિય યુવકની ભાણેજ આરોપી ખુશીબેન જે યુવકના ઘરે તેમની સાથે રહેતી હોય. તેણીએ ગત તા. ૭/૧૧/૨૫ નાં રોજ યુવકનાં ઘરમાં સુટકેશમાં રાખેલ સોનાનો ચેઈન રૂપિયા ૧,૨૧,૯૪૨ તથા ઘર વપરાશનો મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૧૧,૦૦૦નો મળી કુલ રૂપિયા ૧,૩૨,૯૪૨ નાં મુદામાલની ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.


રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા–વેચવા ભાડેથી મેળવવા

PRIME PROPERTY

જયદિપ રાયઠઠા

Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર

અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...

અનિલસિંહ જનવાર : Mo.9426831241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશનરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ — ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

શું તમે હરસ,મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?

શરમ સંકોચ છોડો.સહન ન કરો.સારવાર કરાવો

આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો



ડો. કાજલ બગડા

BAMS,MS.(Ayu.)

કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન

- હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
- જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
- રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
- ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
- નાસુર Pilo nidal sinus ની સારવાર
- ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
- પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
- મૂત્રમાર્ગ તથા પિતાશયની પથરીની આયુર્વેદીક સારવાર

7 વર્ષનો અનુભવ, 20000+ દર્દીઓની તપાસ, 3500+ ઓપરેશન

અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોકટોલોજીસ્ટ

Shreeji HOSPITAL

સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી

Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

Hero

नए रिश्तों की शुरुआत, हीरो पे सवार



Destini 125

Exchange Offer ₹2500

Navnit Hero — ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી. Mo. +91 92899 22254

## વ્હેલી સવારથી મોડી રાત્રિ સુધીમાં હજારો શિવભકતોએ દર્શન કરી ધન્યતા અનુભવી

# અમરેલીનાં નાગનાથ મંદિરમાં શ્રધ્ધાળુઓ ઉમટી પડયા

**શહેરનાં પ્રાચીન કામનાથ, ભીડભંજન, સુખનાથ, જીવન મુકતેશ્વર સહિતનાં શિવાલયમાં પણ ભીડ ઉમટી**

**સમગ્ર જિલ્લાનાં દરેક શહેરો અને ગામોમાં આવેલ શિવાલયોમાં અલૌકિક દર્શન યોજાયા**

**શહેરમાં કામનાથ મહાદેવ, બપોર બાદ નાગનાથ મહાદેવની વરણાંગી યાત્રા યોજાઈ**

**સમગ્ર જિલ્લાની જનતાએ ભગવાન ભોળાનાથનાં દર્શન કરી ધન્યતા પ્રાપ્ત કરી**




અમરેલી, તા. ૧૬

અમરેલી સહિત સમગ્ર જિલ્લામાં રવિવારે મહા શિવરાત્રિ પર્વની આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લાનાં સુપ્રસિધ્ધ નાગનાથ મહાદેવ મંદિરમાં વ્હેલી સવારથી મોડી રાત્રિ સુધીમાં હજારો શ્રધ્ધાળુઓએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

અમરેલીનાં નાગનાથ મંદિર ઉપરાંત, પ્રાચિત કામનાથ, સુખનાથ, ભીડભંજન, જીવન મુકતેશ્વર સહિતનાં શિવાલયો ઉપરાંત નાના માચીયાળા ખાતે ભીમનાથ મહાદેવ મંદિરે પણ અલૌકિક દર્શન, મહાઆરતીનું આયોજન કરવામાં આવેલ હતું.

અમરેલી શહેરમાં સવારે કામનાથ મહાદેવ અને બપોર બાદ નાગનાથ મહાદેવની વરણાંગી યાત્રા નીકળી હતી. જેમાં મોટી સંખ્યામાં શિવભકતો જોડાયા હતા તેમજ સાવરકુંડલા, વડિયા, રાજુલા, ખાંભા, ચિતલ, ધારી, ચલાલા, બાબરા, લાઠી સહિતનાં શહેરો અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલ શિવાલયોમાં પણ શિવભકતોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

### સાવરકુંડલા

ભારતીય સંસ્કૃતિ અને સનાતન પરંપરાના જતન સાથે સાવરકુંડલા શહેરમાંમહાશિવરાત્રીની અનોખી અને ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મહુવા રોડ સ્થિત સ્વામી નિર્દોષાનંદજી સત્સંગ આશ્રમ ખાતે પ.પૂ. ભોલાનંદ સરસ્વતીજીના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં હજારોની સંખ્યામાં ભાવિકો ઉમટી પડયા હતા.

આ પવિત્ર અવસરે પ.પૂ. ભોલાનંદ સરસ્વતીજીના સ્વમુખે શિવ મહિમાનું ગાન કરવામાં આવ્યું હતું. શ્રદ્ધાળુઓએ રાત્રિના ચાર પ્રહર દરમિયાન ઉપવાસ સાથે શોડષોપચાર વિધિ દ્વારા પાર્થિવ શિવલિંગનું પૂજન કર્યુ હતું. સંપૂર્ણ વેદોકત અને શાસ્ત્રોકત પદ્ધતિથી થયેલા આ પૂજનથી સમગ્ર વાતાવરણમાં એક અનોખી આધ્યાત્મિક ઊર્જાનો સંચાર થયો હતો. ઉલ્લેખનીય છે કે, સમગ્ર અમરેલી જિલ્લામાં આ પ્રકારનું ભવ્ય અને વ્યવસ્થિત આયોજન માત્ર અહીં જ જોવા મળે છે.

આ વર્ષે બાળકો, યુવાનો અને વડીલોની સાથે નારી શકિતનો પણ બહોળો પ્રતિસાદ જોવા મળ્યો હતો. પટેલ વાડી ખાતે મહિલાઓ માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી, જયાં પ.પૂ. ભોલાનંદ સરસ્વતીજીના પૂજનનું લાઈવ ટેલીકાસ્ટ જોઈને હજારો મહિલાઓએ પાર્થિવ શિવલિંગનું પૂજન-અર્ચન કર્યુ હતું.


આશ્રમ દ્વારા પૂજામાં બેસનાર તમામ શિવભકતો માટે પૂજાની તમામ સામગ્રી વિનામૂલ્યે પૂરી પાડવામાં આવી હતી. આ ઉપરાંત, તમામ ભકતો માટે ફરાળ અને પ્રસાદની સુંદર વ્યવસ્થા પણ આશ્રમ પરિવાર દ્વારા કરવામાં આવી હતી. આ સંદર્ભે ભરતભાઈ કથીરિયાએ જણાવ્યું હતું કે, 'આ આશ્રમ છેલ્લા પચાસ વર્ષથી સત્સંગ અને શિવભકિત દ્વારા જનકલ્યાણના કાર્યોમાં સતત કાર્યરત છે.'

વર્તમાન સમયમાં જયારે વિ યુદ્ધના ભય અને અશાંતિના વાતાવરણમાંથી પસાર થઈ રહ્યું છે, ત્યારે વિ શાંતિ અને માનવ કલ્યાણના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવેલું આ ધર્મકાર્ય સમયની માંગ અને અનિવાર્યતા બની રહ્યું છે. શિવભકતોએ પોતાના આત્માના કલ્યાણની સાથે વિના કલ્યાણ માટે પણ પ્રાર્થના કરી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે આશ્રમના ટ્રસ્ટીગણ તથા સ્વયંસેવકો દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

### વડિયા

સમગ્ર દેશમાં મહા શિવરાત્રી પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે સૌરાષ્ટ્રમાં ગિરનારમાં મીની કુંભ અને સોમનાથમાં પ્રથમ જયોતિર્લીંગના કારણે મહા શિવરાત્રીની વિશેષ ઉજવણી. ત્યારે અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયામાં બાર જેટલાં શિવ મંદિરો આવેલાં છે. તેમાં વિષેશ શણગાર, મહા આરતી અને મહા પ્રસાદનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમા બિલેર મહાદેવ, રામનાથ મહાદેવ, કંથડનાથ મહાદેવ, જડેર મહાદેવ, સુરગેર મહાદેવના મંદિરોમાં બપોરે યોજાયેલી મહા આરતીમાં ભકતોની ભારે ભીડ જોવા મળી હતી. ત્યારે શિવ મંદિરોમાં ૐ નમઃ શિવાય, હર હર મહાદેવના નાદથી ગુંજયા હતા અને સમગ્ર વડિયા શિવરાત્રીની ઉજવણીમાં જાણે શિવમય બન્યું હોય તેવો માહોલ સર્જાયો હતો.


















### મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વિપક્ષી દળો પર આકરા પ્રહારો કર્યા

# આ લોકો રામ મંદિર અને કાશી વિશ્વનાથ ધામનો વિરોધ કરતા હતા

## ઉત્તર પ્રદેશ હવે ફિયર ઝોનમાંથી ફેથ ઝોનમાં બદલાઈ ગયું છે. હવે કર્ફ્યુ કલ્ચરનો નહીં, પણ ઝીરો ટોલરન્સનું કલ્ચર છે : યોગી આદિત્યનાથ

લખનૌ, તા.૧૬

ઉત્તર પ્રદેશ વિધાન પરિષદમાં સોમવારે રાજ્યપાલના અભિભાષણ પર ચર્ચા દરમિયાન મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વિપક્ષી દળો પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે, પાછલી સરકારોએ ઉત્તર પ્રદેશને અરાજકતા અને અવ્યવસ્થાનો ગઢ બનાવી દીધો હતો, પરંતુ આજે ડબલ એન્જિન સરકારની સ્પષ્ટ નીતિ અને સુશાસનના કારણે રાજ્ય બીમારુ રાજ્યની શ્રેણીમાંથી બહાર આવીને બ્રેકથ્રૂ સ્ટેટ બન્યું છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે, '૨૦૧૭ પહેલા રાજ્યમાં ગુંડાઓ અને માફિયાઓ સમાંતર સરકાર ચલાવતા હતા. તે સમયે વન ડિસ્ટ્રિક્ટ વન માફિયાનું રાજ હતું અને ઉત્તર પ્રદેશની છબી અસ્થિરતા તરીકે ઓળખાતી હતી. આજે સ્થિતિ બદલાઈ છે અને ઉપદ્રવ પ્રદેશ ઉત્સવ પ્રદેશ બની ગયો છે. રાજ્યમાં હવે ન તો રમખાણો થાય છે ન તો કર્ફ્યુ લાગે છે, હવે બધું જ ચંગા છે.' યોગી આદિત્યનાથે વધુમાં કહ્યું કે, 'ઉત્તર પ્રદેશ હવે ફિયર ઝોનમાંથી ફેથ ઝોનમાં બદલાઈ ગયું છે. હવે કર્ફ્યુ કલ્ચરનો નહીં, પણ ઝીરો ટોલરન્સનું કલ્ચર છે. હવે ફેસ્ટિવલ એન્ડ ટેમ્પલ ઈકોનોમી ગ્રોથ કરી રહી છે. કોઈએ વિચાર્યું પણ નહીં હોય કે અગાઉ માઘ મેળામાં કેટલાક લાખ જ શ્રદ્ધાળુઓ આવતા હતા, ત્યારે હવે ૨૧ કરોડથી વધુ શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા છે, કારણ કે તેમને સુરક્ષા-વ્યવસ્થા પર વિશ્વાસ છે.' રોજગારના મુદ્દે વિગતો આપતા મુખ્યમંત્રીએ કહ્યું કે, 'પોલીસ વિભાગમાં ૨.૧૯ લાખ ભરતીઓ કરવામાં આવી છે, જેમાં ૨૦ ટકા દીકરીઓ છે. ૨૦૧૭માં યુપી પોલીસમાં માત્ર ૧૦,૦૦૦ મહિલા કર્મચારીઓ હતી, જેની સંખ્યા આજે વધીને ૪૪૦૦૦થી વધુ થઈ ગઈ છે. આ ઉપરાંત અગાઉ માત્ર ૨ ફોરેન્સિક લેબ હતી, જેની સામે આજે ૧૨ લેબ કાર્યરત છે અને અન્ય ૬ નિર્માણાધીન છે. અગાઉની સરકારે પીએસીને બંધ કરવાની સ્થિતિ પર પહોંચાડી દીધું હતું, આજે ૩૪ વાહિનીઓ કાર્યરત છે, જેમાં ૩ નવી મહિલા બટાલિયનનો સમાવેશ થાય છે. તેમણે વધુમાં કહ્યું કે, 'વંદે માતરમ ભારતની આન-બાન-શાનનું પ્રતીક છે. રાષ્ટ્રગીત, રાષ્ટ્રીય નાયકો અને ત્રિરંગાનું અપમાન એ બંધારણની અવગણના છે. સમાજવાદી પાર્ટીના સભ્યો વંદે માતરમનું અપમાન કરી રહ્યા છે, જે બંધારણ અને બાબા સાહેબ આંબેડકરનું અપમાન છે. સપા રામ મંદિર, કાશી વિશ્વનાથનો વિરોધ કરે છે, જ્યારે ગાઝીના મેળાનું સમર્થન કરે છે. અમારી સરકારે બહરાઈચમાં મહારાજા સુહેલદેવના નામે ભવ્ય સ્મારક બનાવ્યું છે, જે હિન્દુ રાજાઓના શૌર્યનું પ્રતીક છે.'

### ટીપુ સુલતાન અંગેનો વિવાદ વકર્યો

# ભાજપ-કોંગ્રેસના કાર્યકરો વચ્ચે પથ્થરમારો, ૯ ઈજાગ્રસ્ત

## ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો

પુણે, તા.૧૬

૧૮મી સદીના શાસક ટીપુ સુલતાન ફરી એકવાર ભારતીય રાજકારણના કેન્દ્રમાં છે. કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ હર્ષવર્ધન સપકાલે મરાઠા સામ્રાજ્ય પર હુમલો કરનારા ટીપુ સુલતાન સાથે છત્રપતિ શિવાજી મહારાજની તુલના કરતા મહારાષ્ટ્રનું રાજકારણ ગરમાયું છે. આ મુદ્દે મહારાષ્ટ્રમાં તીખી પ્રતિક્રિયા જોવા મળી રહી છે. પુણેમાં ભાજપના કાર્યકરોએ કોંગ્રેસ ભવન પર વિરોધ પ્રદર્શન કર્યું. હર્ષવર્ધન સપકાલ અને રાહુલ ગાંધીની તસવીરોને ટીપુ સુલતાનના વેશ વાળા પોસ્ટર સાથે જોડીને જૂતે મારો આંદોલન શરૂ કરવામાં આવ્યું. આ દરમિયાન ભાજપ-કોંગ્રેસના કાર્યકરો વચ્ચે પથ્થરમારો થયો. કોંગ્રેસે દાવો કર્યો છે કે, ભાજપના ચાલી રહેલા આંદોલન દરમિયાન તેમના જૂઠ તરફથી પથ્થર ફેંકવામાં આવ્યો હતો.ટીપુ સુલતાન અંગેના વિવાદ મુદ્દે રવિવારે પુણેમાં વિપક્ષના કાર્યાલય પાસે ભાજપના વિરોધ પ્રદર્શન દરમિયાન બંને પક્ષના કાર્યકરોએ એકબીજા પર પથ્થરમારો કર્યો હતો જેમાં નવ લોકો ઘાયલ થયા હતા. સંયુક્ત પોલીસ કમિશનર રંજન કુમાર શર્માએ પત્રકારોને જણાવ્યું કે, પથ્થરમારામાં ત્રણ કોંગ્રેસના કાર્યકરો, બે ભાજપના કાર્યકરો, બે પોલીસકર્મીઓ અને બે મીડિયાકર્મીઓને સામાન્ય ઈજા પહોંચી છે. કોંગ્રેસ ભવન પાસે વિરોધ પ્રદર્શન થયું હતું. આ દરમિયાન ભાજપ અને કોંગ્રેસના કાર્યકરોએ એકબીજા વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. બંને પક્ષના કાર્યકરો દિવાલો પર ચઢી ગયા હતા અને એકબીજા પર પથ્થરમારો કર્યો હતો. બંને પક્ષના કાર્યકરો સામે કેસ નોંધવામાં આવી રહ્યા છે.એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, મોડી સાંજે શિવાજીનગર પોલીસ સ્ટેશનમાં ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. બીજી તરફ કોંગ્રેસના પુણે શહેર યુનિટના અધ્યક્ષ અરવિંદ શિંદેએ કહ્યું કે, પાર્ટીએ ભાજપના અધિકારીઓ વિરુદ્ધ પોલીસમાં લેખિત ફરિયાદ નોંધાવી છે. મેયર મંજુષા નાગપુરે, ભાજપ શહેર યુનિટના અધ્યક્ષ ધીરજ ઘાટે, દુષ્યંત મોહોલ અને અન્ય કાર્યકરો વિરુદ્ધ કેસ દાખલ થવો જોઈએ.મહારાષ્ટ્રમાં શુક્રવારે માલેગાંવ મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી મેયર શાન-એ-હિંદ નિહાલ અહેમદના કાર્યાલયમાં ટીપુ સુલતાનની તસવીર લગાવવાને લઈને રાજકીય વિવાદ વકર્યો હતો. શિવસેનાના કાઉન્સિલરો અને હિન્દુ સંગઠનોએ તેના પર સખત વાંધો વ્યક્ત કર્યો હતો. આ ઘટના પર પ્રતિક્રિયા આપતા સપકાલે છત્રપતિ શિવાજી મહારાજની બહાદુરી અને સ્વરાજના વિચારને રજૂ કરવાની તેમની રીતનો ઉલ્લેખ કર્યો અને ટીપુ સુલતાનના અંગ્રેજો સામે યુદ્ધના આહવાનનો ઉલ્લેખ કર્યો. તેમણે દાવો કર્યો હતો કે, આ લડાઈ શિવાજી મહારાજના આદર્શો અનુસાર હતી.

### વડોદરામાં ભાજપે બે નેતાને હાંકી કાઢ્યા

# ભાજપમાં રાજીનામાની મોસમ શરૂ થઈ, રિસામણાનું રાજકારણ રાજીનામા પર પહોંચ્યું

## નવસારી બાદ સુરત ભાજપમાં પણ ભડકો થયો છે, સુરતમાં આદિવાસી મોરચાના મંત્રી ગણપત રાઠોડે રાજીનામું ધરી દીધું છે

ગાંધીનગર, તા.૧૬

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા ભાજપમાં ભડકો થયો છે. આ ભડકો એક દિશાએથી નહિ, પંરતુ ચારે દિશાઓથી થઈ રહ્યો છે. ભાજપમાં આંતરિક જુથવાદને કારણે નારાજગી અને રાજીનામાની મોસમ શરૂ થઈ ગઈ છે. ચૂંટણી પહેલા રિસામણાનું રાજકારણ જોવા મળ્યું છે. એક તરફ જલાલપોરમાં ભાજપના નેતાઓ જંગે ચઢ્યા છે, અને ધડાધડ રાજીનામા આપી રહ્યાં છે. તો બીજી તરફ, સુરતમાં પણ રાજીનામાનો ચેપ લાગ્યો છે. આવામાં વડોદરા ભાજપે બે નેતાઓને હાંકી કાંઢ્યા છે.

નવસારીમાં ભાજપને સ્થાનિક સ્વરાજયની ચૂંટણી પહેલા વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે. જલાલપોર તાલુકા સંગઠનના હોદ્દેદારો એક પછી એક રાજીનામા ધરી રહ્યાં છે. જલાલપોર તાલુકાની અવગણના થઈ હોવાના આક્ષેપ સાથે કાર્યકરોએ નારાજગી વ્યક્ત કરી છે. જલાલપોરથી તબક્કાવાર રાજીનામા પડી રહ્યાં છે. આ સાથે જ રાજીનામાનો આંક ૨૨ પર પહોંચ્યો છે. આગામી સમયમાં ૧૦૦ થી વધુ રાજીનામાંની સંભાવના દેખાઈ રહી છે. નવસારી જિલ્લા ભાજપનું સંગઠન જાહેર થતા જલાલપોર તાલુકાના પદાધિકારીઓમાં નારાજગી જોવા મળી હતી. જોકે ભાજપ સંગઠનમાં મહામંત્રીના પદને લઈ મથામણ ચાલી હતી અને તેના કારણે સંગઠનની જાહેરાત મોડી થઈ હતી. પરંતુ નવા સંગઠનની જાહેરાત પણ જિલ્લા ભાજપના આંતરિક વિખવાદને બહાર ખેંચી લાવી છે. સંગઠન જાહેર થયાના બીજા જ દિવસે નવનિયુક્ત ઉપપ્રમુખ, મંત્રી તેમજ બે મોરચાના મહામંત્રીઓએ પોતાના પદ પરથી જિલ્લા ભાજપ પ્રમુખ ભુરાલાલ શાહને ટેલીફોનિક વાત કરી સામુહિક રાજીનામા તેમના ટેબલ પર મૂકી દીધા હતા. ત્યારબાદ જલાલપોર તાલુકાના બે મહામંત્રીઓએ તેમજ મહિલા મોરચાના નવનિયુક્ત મહામંત્રીએ(આગળના પાનાનું ચાલુ) પણ પોતાના પદ પરથી રાજીનામાં ધરી દીધા હતા. જેનો આંક હવે ૨૨ પર પહોંચી ગયો છે. જિલ્લા ભાજપ દ્વારા જલાલપોર તાલુકાના કર્મઠ કાર્યકર્તાઓને વર્ષોથી અન્યાય થતો હોવાનો રાગ છેડ્યો હતો. ખાસ કરીને જિલ્લામાં જલાલપોરના કોઈ કાર્યકરને ન તો જિલ્લા પ્રમુખ બનાવાયા કે ન તો મહામંત્રી તરીકે કામગીરી સોંપવામાં આવી છે. આ વખતે પણ મહામંત્રીના પદની આશા હતી. ઉચ્ચકક્ષા સુધી રજૂઆતો થઈ, પરંતુ અંતે જલાલપોરના ભાગમાં નારાજગી આવતા એક પછી એક સામૂહિક રાજીનામાનો દોર શરૂ થયો છે. જિલ્લા ભાજપ અને જલાલપોર ભાજપ વચ્ચે અગાઉથી જ ખટરાગ ચાલી રહ્યો હતો. જેમાં મહત્વના પદ ઉપર નિમણૂંક ન મળતા જલાલપોરના કર્મઠ કાર્યકરો અકળાયા છે અને હવે એક પછી એક સામૂહિક રાજીનામાં ધરી રહ્યા છે. જોકે તેઓ ભાજપ સાથે જ જોડાયેલા છે અને જોડાયેલા રહેશેની લાગણી પણ વ્યક્ત કરી હતી. વડોદરામાં ભાજપે વોર્ડ પ્રમુખ અને મહામંત્રીના રાજીનામા લઈ લીધા છે. વોર્ડ ૮ ભાજપના પ્રમુખ વિપુલ બારોટ અને મહામંત્રી વિજય ચાવડાનું રાજીનામું લેવાયું છે. બંને નેતાઓને ભાજપે રાજીનામું આપવા સૂચના આપતાં રાજીનામું આપવાનું હોવાનું જાણવા મળ્યું છે. રાજીનામામાં અંગત કારણોસર રાજીનામું આપ્યાનો ઉલ્લેખ કરાયો છે. એટલું જ નહિ, કરોડિયાની જમીન અને આકારણી વિવાદમાં રાજીનામું લેવાયું હોવાની ચર્ચા ભાજપના ખેમામાં વહેતી થઈ છે. ભાજપ મહામંત્રી વિજય ચાવડાએ પાદરાના વ્યક્તિને કરોડિયાની જમીન અપાવી હતી. જેની દલાલી પેટે લાખો રૂપિયા લીધા હતા. જમીનની દલાલીમાં ભાજપ કાર્યકર સાથે માથાકૂટ થતા સમગ્ર વિવાદ સામે આવ્યો હતો.

નવસારી બાદ સુરત ભાજપમાં પણ ભડકો થયો છે. સુરતમાં આદિવાસી મોરચાના મંત્રી ગણપત રાઠોડે રાજીનામું ધરી દીધું છે. તેઓએ બારડોલી તાલુકા ભાજપ સંગઠન પર ગંભીર આક્ષેપો કરીને પક્ષના તમમ સભ્યપદથી રાજીનામા આપી દીધા છે. ત્યારે આ કારણથી સુરત ભાજપમાં રાજકારણ ગરમાયું છે. તેઓએ કહ્યું કે, સંગઠનની ટીમ દ્વારા સતત અવગણના કરવામાં આવતી હતી અને ભેદભાવ રાખવામાં આવતો હતો. આટલી પ્રતિકૂળતાઓ હોવા છતાં એક કાર્યકર તરીકે પોતાની જવાબદારી નિભાવી હતી. પરંતુ પક્ષના આંતરિક વલણથી કંટાળીને અંતે છેડો ફાડવાનો નિર્ણય લીધો છે. ભાજપની હાલ ચારે ખાન ચિત્ત જેવી થઈ છે. ભાજપમાં આંતરિક જુથવાદ વકરી રહ્યો છે. આવામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ આવી રહી છે, આવામાં ભાજપના કાર્યકર્તાઓએ આ રીતે મોઢુ ફેરવી લેવું કેટલી અસર કરશે તે તો સમય અને સંજોગો જ બતાવશે.

### મનરેગા બચાવો સંગ્રામ મુદ્દે યોજી જન આક્રોશ સભા

# બજેટ સત્રના પ્રથમ દિવસે કોંગ્રેસનું શક્તિ પ્રદર્શન

## હાલમાં જ કેન્દ્ર સરકારે મનરેગાને બદલે વિકસિત ભારત જી રામ જી યોજના લાવી દીધી છે જેનો ભરપૂર વિરોધ

ગાંધીનગર, તા.૧૬

હાલમાં જ કેન્દ્ર સરકારે મનરેગાને બદલે વિકસિત ભારત જી રામ જી યોજના લાવી દીધી છે. જેનો ગુજરાત કોંગ્રેસે ભરપૂર વિરોધ કર્યો છે, તેનાભાગરૂપે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે મનરેગા બચાવો સંગ્રામના નેજા હેઠળ જન આક્રોશ સભા યોજાઈ હતી. જેમાં ગુજરાત અને કેન્દ્ર સરકાર પર કોંગી નેતાઓએ આકરા પ્રહાર કર્યા હતા. વિધાનસભાના બજેટ સત્રના પ્રથમ દિવસે જ કોંગ્રેસે ગાંધીનગરમાં શક્તિ પ્રદર્શન યોજ્યું જેમાં ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીમાં રાહુલ ગાંધી અગાઉથી ગુજરાતમાં ચૂંટણી પ્રચાર કરશે તેવો દાવો પણ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન કોંગ્રેસમાં નવા જોડાયેલા પૂર્વ સ્ન્છ મહેશ વસાવાએ સંબોધન કર્યું હતું અને કહ્યું હતું કે, અમે વર્ષોથી જળ-જંગલ અને જમીન માટે સંઘર્ષ કરી રહ્યાં છે. ૧૧ વર્ષથી કેન્દ્રમાં સરકાર ચાલે છે અને ગુજરાતમાં ૩૨ વર્ષથી સરકાર ચાલે છે એને ઉખાડીને ફેંકી દેવાની છે, આ ઈજીજીની સરકારને કે જે સંવિધાન ખતમ કરી દેવાની વાત કરે છે એને ઉખાડી ફેંકવા છે. ઉમરગામથી અંબાજી સુધી અમને પાણી નથી મળ્યું, પણ અમારો સંઘર્ષ રહેશે. આવા ઠગ લોકોને દેશમાંથી હાંકી કાઢવાની જરૂર છે. બીજી તરફ કોંગ્રેસના ધારાસભ્ય અને યુવા નેતા અનંત પટેલે જણાવ્યું કે, આજે આપણે આક્રોશમાં છીએ, આપણે અન્યાય થાય છે એના વિરોધમાં કૂચ કરવી જોઈએ, આપણને આદિવાસી વિસ્તારમાં અન્યાય થાય અને લોકોને અન્યાય થાય, અધિકારીઓ મુલાકાત નથી આપતાં, આપણા પર દમન થાય છે, આપણી જમીન પર સરકાર દબાણ કરે છે.ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો ભેગા થયા હતા અને ૨૦૨૭ની ચૂંટણીમાં જીતનો આશાવાદ વ્યક્ત કરી એક સૂરે ગુજરાત સરકારનો વિરોધ કર્યો હતો.

### આ એક શિષ્ટાચાર મુલાકાત હતી : ગોપાલ ઈટાલિયા

# જયેશ રાદડિયા અને ઈટાલિયા વચ્ચે ઉષ્માભર્યું મિલન થયું

## પક્ષાપક્ષીની રાજનીતિ બાજુ પર મૂકીને બંને નેતાઓ એકબીજાને ગળે મળ્યા હતા અને હાથ મિલાવીને લાંબો સમય ચર્ચા કરી હતી

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર ખાતે સોમવાર, ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ ગુજરાત વિધાનસભાના બજેટ સત્રના પ્રથમ દિવસે એક અનોખો નજારો જોવા મળ્યો હતો. ગૃહની કાર્યવાહી શરૂ થાય તે પહેલાં ભાજપના દિગ્ગજ નેતા જયેશ રાદડિયા અને આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા વચ્ચે અત્યંત ઉષ્માભર્યું મિલન થયું હતું. પક્ષાપક્ષીની રાજનીતિ બાજુ પર મૂકીને બંને નેતાઓ એકબીજાને ગળે મળ્યા હતા અને હાથ મિલાવીને લાંબો સમય ચર્ચા કરી હતી. લોકશાહીના પવિત્ર મંદિરમાં શાસક અને વિપક્ષના પ્રતિનિધિઓ વચ્ચેની આ પ્રકારની સમરસતા રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચાનો અને આવકારનો વિષય બની છે.જયેશ રાદડિયા સાથેની આ મુલાકાત બાદ ગોપાલ ઈટાલિયાએ પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, આ એક શિષ્ટાચાર મુલાકાત હતી. તેમણે રાદડિયાને રામ રામ કરીને તેમના ખબર અંતર પૂછ્યા હતા. ઈટાલિયાએ વધુમાં ઉમેર્યું કે, તેમણે વરિષ્ઠ નેતા સાથે વિવિધ વિષયો પર ચર્ચા કરી માર્ગદર્શન પણ મેળવ્યું હતું. આ મુલાકાત પાછળ કોઈ રાજકીય ગણિત હોવાનો તેમણે ઈનકાર કર્યો હતો અને સ્પષ્ટ કર્યું હતું કે ચર્ચાનો અન્ય કોઈ વિષય નહોતો, માત્ર સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં આ મિલન થયું હતું.નોંધનીય છે કે, ગુજરાત વિધાનસભાના વર્ષ ૨૦૨૬ ના બજેટ સત્રની શરૂઆત આજે બપોરે ૧૨:૦૦ વાગ્યે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના સંબોધન સાથે થઈ છે. સત્રના પ્રથમ દિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા દિવંગત સભ્યોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ સત્રમાં આવનારા દિવસોમાં અનેક પ્રક્રિયાઓ હાથ ધરવામાં આવશે. બજેટ સત્રના આ પ્રથમ દિવસે જ નેતાઓ વચ્ચેની આ પ્રકારની આત્મીયતાએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું. આજે વિધાનસભામાં પૂર્ણશ મોદીની ઉપાધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવી હતી.નાણા મંત્રી કનુભાઈ દેસાઈ આગામી ૧૮ ફેબ્રુઆરીના રોજ વર્ષ ૨૦૨૬ ૨૭ નું રાજ્યનું અંદાજપત્ર રજૂ કરશે. આ તેમનું સતત પાંચમી વખતનું બજેટ હશે, જે એક નવો વિક્રમ સ્થાપિત કરશે. આ બજેટમાં કૃષિ, શિક્ષણ અને માળખાગત સુવિધાઓ માટે મોટી ફાળવણી થવાની પ્રબળ શક્યતા છે. આ ઉપરાંત, આ સત્ર દરમિયાન સમાન નાગરિક સંહિતા (UCC) અને અન્ય ૭ જેટલા નવા મહત્વના વિધેયકો રજૂ થવાની શક્યતાને પગલે રાજકીય ગરમાવો વધવાની અપેક્ષા છે.

### તસવીરોમાં ડ્રેગનના ખતરનાક ઈરાદા ઉઘાડા થયા

# ચીને પહાડ ખોદી પરમાણુ પ્લાન્ટ બનાવ્યા : અહેવાલ

## સેટેલાઈટ તસવીરોના અધ્યયનથી જાણવા મળ્યું છે કે ચીન સિચુઆન પ્રાંતમાં ગુપ્ત રીતે પરમાણુ પ્લાન્ટ બનાવી ચૂક્યું છે

બેઈજીંગ, તા.૧૬

ચીનના સિચુઆનની સેટેલાઈટ તસવીરોએ ભારતનું ટેન્શન વધારી દીધું છે. આ સેટેલાઈટ તસવીરોમાં ડ્રેગનના ઈરાદા ઉઘાડા થયા છે. એક અહેવાલ પ્રમાણે ૨૦૨૨થી ૨૦૨૬ સુધીની સેટેલાઈટ તસવીરોના અધ્યયનથી જાણવા મળ્યું છે કે ચીન સિચુઆન પ્રાંતમાં ગુપ્ત રીતે પરમાણુ પ્લાન્ટ બનાવી ચૂક્યું છે. જિયોસ્પેશિયલ ઈન્ટેલિજન્સ એક્સપર્ટના જણાવ્યા પ્રમાણે ચીને ૨૦૧૯ બાદથી પરમાણુ હથિયારોને લઈને પોતાનું ઓપરેશન તેજ કરી દીધું છે. આ બાબત માત્ર લશ્કરી શક્તિનું પ્રદર્શન નથી પરંતુ વૈશ્વિક સુરક્ષા માટે પણ ચિંતાનો વિષય બની ગયો છે.ચીને સિચુઆનમાં જીટૉન્ગ નામના સ્થાન પર ઘાટીઓ વચ્ચે મોટા-મોટા બંકર બનાવ્યા છે. અહીં પાઈપોનું નેટવર્ક બિછાવવામાં આવ્યું છે. એક્સપર્ટસનું કહેવું છે કે, અહીં પહાડો ખોદીને પરમાણુ પ્લાન્ટ બનાવવામાં આવ્યા છે. તમને જણાવી દઈએ કે વિશ્વભરમાં પહેલાથી જ પરમાણુ હથિયારો અંગે તણાવ ચાલી રહ્યો છે. આ જ મુદ્દે અમેરિકા અને ઈરાન આમને-સામને આવી ગયા છે અને સીધી ધમકી આપી રહ્યું છે કે, જો ઈરાન સાથે ડીલ નહીં થઈ તો અમેરિકા ઈરાન પર હુમલો કરી દેશે. બીજી તરફ ચીનનું પરમાણુ અભિયાન માત્ર ભારત માટે જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ માટે ચિંતાનો વિષય છે.આ તસવીર પ્રમાણે ચીન સતત પોતાની વ્યૂહાત્મક સ્થિતિ મજબૂત કરી રહ્યું છે. અમેરિકાએ ૨૦૨૦માં જ દાવો કર્યો હતો કે, ચીન ગુપ્ત રીતે પરમાણુ પરીક્ષણો કરી રહ્યું છે. ડૉનાલ્ડ ટ્રમ્પનું કહેવુ છે કે, ચીન અને રશિયા સંયુક્ત રીતે અમેરિકા સાથે ન્યૂક્લિયર વેપન એગ્રીમેન્ટ કરે. અમેરિકા અને રશિયા વચ્ચેનો પરમાણુ શસ્ત્ર નિયંત્રણ કરાર સમાપ્ત થઈ ગયો છે અને તેથી ચીને ભવિષ્યના કરારનો હિસ્સો બનવો જોઈએ. પેન્ટાગોનના એક અંદાજ પ્રમાણે ૨૦૨૬ના અંત સુધીમાં ચીન પાસે ૫૦૦થી વધુ પરમાણુ શસ્ત્રો હોઈ શકે છે. બીજી તરફ તેનું લક્ષ્ય ૨૦૩૦ સુધીમાં આ આંકડો વધારીને ૧,૦૦૦ સુધી પહોંચાડવાનો છે. જોકે, ચીન હાલમાં રશિયા અને અમેરિકાથી ઘણું પાછળ છે અને તે આગામી ૧૦ વર્ષમાં પણ રશિયાની બરાબરી ન કરી શકે. એક્સપર્ટ્સનું કહેવું છે કે, ચીનનો વધતો પરમાણુ શસ્ત્રાગાર માત્ર ભારત માટે જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ માટે ચિંતાનો વિષય છે. મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીના એક અધિકારીનું કહેવું છે કે આ ટ્રેંડ ખૂબ જ ચિંતાજનક છે. જીટૉન્ગ અને પિંગટોંગમાં નિર્માણ કાર્ય ખૂબ જ ઝડપથી ચાલી રહ્યું છે, જ્યાં એક નવું કોમ્પલેક્સ પણ બનાવવામાં આવી રહ્યું છે. સરંક્ષણ નિષ્ણાતો આને ભારતની સુરક્ષા માટે એક મોટા પડકાર તરીકે જોઈ રહ્યા છે.

# ગંગા અને સિંધુ નદીને લઈને ડરાવી રહ્યું છે આ રિપોર્ટ

નવી દિલ્હી, તા.૧૬

IIT ગાંધીનગરના રિસર્ચમાં સામે આવ્યું કે ૧૯૮૦થી ૨૦૨૧ વચ્ચે ગંગા અને સિંધુ નદીના વહેણમાં ઉલટો ફેરફાર આવ્યો છે. ગંગાનું પાણી ઘટ્યું છે, જ્યારે સિંધુમાં વધારો થયો છે. ગંગા બેસિનમાં વરસાદ લગભગ ૧૦ ટકા ઓછો થયો છે, પરંતુ અસલી સમસ્યા છે કે સિંચાઈ માટે ગ્રાઉન્ડ વોટરનો વધુ ઉપયોગ. જ્યારે જમીનમાંથી વધુ પાણી નીકળે છે તો નદીઓ સુધી પહોંચનાર પાણી ઘટી જાય છે. ગંગાના ઘણા ભાગમાં નદીના કુલ પાણીના ૫૦થી ૭૦ ટકા હિસ્સો ગ્રાઉન્ટ વોટરથી આવે છે. વધુ પમ્પિંગને કારણે નદીઓનો પ્રાકૃતિક પ્રવાહ નબળો પડી રહ્યો છે અને ઘણી જગ્યાએ સ્થિતિ ગંભીર થઈ રહી છે.સિંધુ નદીના વહેણમાં ૧૮ ટકાનો વધારો થયો છે. તેની પાછળનું કારણ હિમાલયી ગ્લેશિયરોનું પીગળવું અને કેટલાક વિસ્તારમાં વધુ વરસાદને માનવામાં આવે છે. રિસર્ચ પ્રમાણે ગંગાનો પ્રવાહ છેલ્લા ૧૩૦૦ વર્ષમાં સૌથી ઝડપે ઘટ્યો છે. તે કરોડો લોકોના પાણી અને ખેતી પર નિર્ભરતા માટે મોટો ખતરો બની શકે છે.૧૯૬૦ની સિંધુ જળ સંધિ પર ફેરફારની અસર પડી શકે છે. નદીના બદલાતા પ્રવાહથી બંને દેશોના જળ વિભાજન પર નવો પડકાર ઉભો થઈ શકે છે. પાણી ઘટવાથી પાકને અસર થઈ શકે છે. ખાસ કરી ગંગા બેસિનના રાજ્યોમાં ખેતી અને પાણીની ઉપલબ્ધતા પર દબાવ વધી શકે છે.નિષ્ણાંતોનું કહેવું છે કે ઓછા પાણીવાળા પાકને પ્રોત્સાહન આપવું, ભૂજળની યોગ્ય જાળવણી અને વરસાદના પાણીનો સંગ્રહ જરૂરી છે. નદીઓ અને ભૂજળને એક સાથે વિચારી નીતિ બનાવવી પડશે.

### ધ્વનિ મતથી થયેલા મતદાનમાં સૌથી વધુ મત મળ્યાં

# વિપક્ષના હોબાળા વચ્ચે પૂર્ણેશ મોદી ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ બન્યા

## કોંગ્રેસના સભ્યોએ ખેડૂતોના દેવા માફી, સરકારી વિભાગોમાં આઉટ સોર્સિંગ પ્રથા બંધ કરી કાયમી ભરતી કરવા જેવી માંગણીઓ ઉઠાવી હતી

ગાંધીનગર, તા.૧૬

ગુજરાત વિધાનસભાના બજેટ સત્રના પ્રારંભે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના સંબોધન સાથે કાર્યવાહી શરૂ થઈ હતી. જોકે ગૃહમાં ભારે હોબાળા વચ્ચે રાજ્યપાલને પોતાનું ઉદ્બોધન માત્ર ૨૦ મિનિટમાં પૂર્ણ કરવાની ફરજ પડી. રાજ્યપાલના ભાષણ દરમિયાન કોંગ્રેસના ધારાસભ્યોએ સૂત્રોચ્ચાર કરી ગૃહ ગજવી દીધું હતું.

જોકે, આ હોબાળા વચ્ચે ભાજપના સુરત પશ્ચિમના ધારાસભ્ય અને રાજ્યના પૂર્વ મંત્રી પૂર્ણેશ મોદીને ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ પદ માટે પસંદ કરવામાં આવ્યા છે. ધ્વનિ મતથી ઉપાધ્યક્ષ માટેનું મતદાન થતા સૌથી વધુ મત પૂર્ણેશ મોદીને મળ્યા છે. બજેટ સત્રના પ્રથમ દિવસે જ રાજકીય તણાવ સ્પષ્ટ જોવા મળ્યો. રાજ્યપાલના ભાષણ દરમિયાન કોંગ્રેસના સભ્યોએ ખેડૂતોના દેવા માફી, સરકારી વિભાગોમાં આઉટસોર્સિંગ પ્રથા બંધ કરી કાયમી ભરતી કરવા જેવી માંગણીઓ ઉઠાવી હતી. વિપક્ષના ધારાસભ્યો સરકાર પર સામાન્ય જનતા અને ખેડૂતોના પ્રશ્નો પ્રત્યે ઉદાસીનતા દાખવવાનો આક્ષેપ કરતા હતા. ગૃહમાં સૂત્રોચ્ચાર અને ટિપ્પણીઓ વચ્ચે વાતાવરણ તંગ બન્યું હતું.રાજ્યપાલના સંબોધન બાદ શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યો અને ત્યારબાદ વિધાનસભાના ઉપાધ્યક્ષ પદ માટે ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાઈ. લાંબા સમય બાદ ઉપાધ્યક્ષ પદ માટે ચૂંટણી યોજાતા રાજકીય ગરમાવો વધુ વધ્યો હતો. કોંગ્રેસ તરફથી શૈલેષ પરમારના નામની દરખાસ્ત રજૂ કરવામાં આવી. પરમારે ભાજપ પર પ્રહાર કરતા જણાવ્યું કે ઉપાધ્યક્ષનું પદ પરંપરાગત રીતે વિપક્ષને આપવામાં આવતું રહ્યું છે, પરંતુ બહુમતીના જોરે ભાજપે આ પરંપરા તોડી છે. તેમણે જાહેર હિસાબ સમિતિ (PAC) સહિતની સમિતિઓમાં પણ વિપક્ષને યોગ્ય સ્થાન ન અપાયાનો આક્ષેપ કર્યો હતો.ભાજપ તરફથી જીતુ વાઘાણીએ પૂર્ણેશ મોદીના નામનો પ્રસ્તાવ ગૃહમાં રજૂ કર્યો. અધ્યક્ષ દ્વારા દરખાસ્તને ધ્વનિ મત માટે મૂકવામાં આવી, જેમાં પૂર્ણેશ મોદીના સમર્થનમાં બહુમતી મળતા તેમને વિધાનસભાના ઉપાધ્યક્ષ પદે વરણી કરવામાં આવ્યા. ગૃહમાં ભાજપના સભ્યોએ "જય શ્રી રામ"ના નારા સાથે તેમને વધાવ્યા. પૂર્ણેશ મોદીએ ઉપાધ્યક્ષ તરીકે પદ સંભાળ્યું.આ તરફ આમ આદમી પાર્ટીએ ચૂંટણી પ્રક્રિયામાંથી અલિપ્ત રહેવાનો નિર્ણય લીધો હતો. 'આપ'ના નેતા ચૈતર વસાવાએ જણાવ્યું કે પરિણામ સ્પષ્ટ હોવાથી પક્ષ મતદાનમાં ભાગ નહીં લે. તેમણે ઉમેર્યું કે જો કોંગ્રેસમાં ક્રોસ વોટિંગ થાય તો તેની અસર 'આપ' પર ન પડે તે માટે આ નિર્ણય લેવાયો છે. લોકશાહીના મૂલ્યો જળવાઈ રહે તે જરૂરી હોવાનું પણ તેમણે જણાવ્યું. આ રીતે બજેટ સત્રના પ્રથમ દિવસે રાજ્યપાલના ટૂંકાવેલા ઉદ્બોધન, વિપક્ષના હોબાળા અને ઉપાધ્યક્ષ પદની ચૂંટણીને લઈને ગૃહમાં રાજકીય ચડત-ઉતાર જોવા મળ્યા.

### માસ્ટર માઈન્ડ હજુ ફરાર

# રોહિત શેટ્ટીના ઘર પર ફાયરિંગ કરનારા શૂટરની રાજસ્થાનથી ધરપકડ કરાઈ

## આ મામલે અત્યાર સુધીમાં ૧૧ લોકોની ધરપકડ કરાઈ

મુંબઈ, તા.૧૬

ફિલ્મ ડાયરેક્ટર રોહિત શેટ્ટીના જૂહુ સ્થિત ઘર પર ફાયરિંગ કરનારા શૂટરની રાજસ્થાનથી ધરપકડ કરી લેવામાં આવી છે. જેમાં મુંબઈ પોલીસે હરિયાણા પોલીસની સ્પેશિયલ ટાસ્ક ફોર્સ(STF) સાથે સંયુક્ત ઓપરેશન હાથ ધરી શૂટર સહિત ૬ સાથીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. રોહિત શેટ્ટીના ઘર પર ફાયરિંગ કેસમાં મુંબઈ ક્રાઈમ બ્રાંચે શૂટર સહિત ૬ આરોપીની ધરપકડ કરી છે. આ સાથે પોલીસે ઉત્તર પ્રદેશમાંથી પણ કેટલાક લોકોની ધરપકડ કરી છે. આ મામલે અત્યાર સુધીમાં ૧૧ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ કેસને લઈને અગાઉ પોલીસે ૫ આરોપીને પુણે અને આસપાસના વિસ્તારમાંથી ઝડપી પાડ્યા હતા. આદિત્યા ગાયકી, સિદ્ધાર્થ યેનપુરે, સમર્થ પોમાજી, સ્વપ્નિલ સાકત અને હથિયાર સપ્લાયર આસારામ ફસલે ઉર્ફે બાબુનો સમાવેશ થાય છે. પોલીસે આ પાંચેય આરોપી સામે મહારાષ્ટ્ર કંટ્રોલ ઑફ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ હેઠળ સખત કાર્યવાહી કરી છે. ધરપકડ કરાયેલા શૂટરને ટ્રાન્ઝિટ રિમાન્ડ પર મુંબઈ લાવવામાં આવશે. પોલીસ અનુસાર, પ્રાથમિક તપાસમાં એ જાણવાની કોશિશ કરવામાં આવી રહી છે કે આ હુમલા પાછળ કઈ ગેંગનો હાથ છે અને હુમલાખોરનો ઉદ્દેશ્ય શું હતો. શું આ ફક્ત ડરાવવા માટે ફાયરિંગ કરવામાં આવ્યું હતું કે વસૂલી જેવું કોઈ કારણ હતું, આ મામલે પોલીસ ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે. પોલીસની પ્રાથમિક માહિતી મુજબ, હુમલાનો માસ્ટરમાઈન્ડ શુભમ લોણકર હોવાનું માનવામાં આવે છે, જે હાલ ફરાર છે. પોલીસ તપાસમાં શુભમનું કનેક્શન કુખ્યાત ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ ગેંગ સાથે પણ હોય શકે છે. જોકે, પોલીસ આ મામલે પણ વધુ તપાસ હાથ ધરી છે.

### રાજપાલ યાદવને મોટી રાહત મળી

# અભિનેતા રાજપાલ યાદવનાં જામીન મંજૂર થઈ ગયા

## હાઈકોર્ટે ૧૮ માર્ચ સુધી વચગાળાના જામીન કર્યા મંજૂર

નવી દિલ્હી, તા.૧૬

રાજપાલ યાદવ વર્ષ ૨૦૧૨ માં આવેલી ફિલ્મ 'અતા પતા લાપતા' સાથે જોડાયેલ ચેક બાઉન્સ કેસમાં તિહાર જેલમાં બંધ હતો. ચેક બાઉન્સ કેસમાં ૧૨ ફેબ્રુઆરીનાં રોજ સુનવણી થઈ હતી, જેમાં માત્ર એક પક્ષની દલીલ સાંભળવામાં આવી હતી અને નવી તારીખ નક્કી કરવામાં આવી હતી. ત્યારબાદ આજે એટલે કે ૧૬ ફેબ્રુઆરીએ ફરીથી જામીન અરજી પર સુનવણી થઈ અને જામીન મંજૂર કર્યાં. આ દરમિયાન અદાલતે રાજપાલ યાદવને નિર્દેશ કર્યો કે એ ફરિયાદીનાં ખાતામાં ૧.૫ કરોડ રૂપિયા જમા કરાવે. આ સાથે અભિનેતાએ આદેશ માન્યો અને ૩ વાગ્યા પહેલાં રકમ જમા કરાવડાવી. ત્યારબાદ એક્ટરના જામીન મંજૂર થયા છે. કોર્ટે આ માટે એક શરત પણ નક્કી કરી છે જેનું પાલન કરવુ અનિવાર્ય છે. આ મામલે આગળની સુનવણીની તારીખ પણ નક્કી કરવામાં આવી છે.આગળની સુનવણી ૧૮ માર્ચનાં રોજ થશે જો કે રાજપાલ યાદવે ફરિયાદીનાં ખાતામાં ૧.૫ કરોડ રૂપિયા ટ્રાન્સફર કર્યા એની જાણકારી કોર્ટે આપી છે. ત્યારબાદ હાઈકોર્ટે તેમને વચગાળાના જામીન આપ્યા. કોર્ટે નિર્દેશ કર્યો છે કે રાજપાલ યાદવ એમનો પાસપોર્ટ સરેન્ડર કરે. આગળની સુનવણી ૧૮ માર્ચનાં રોજ થશે, જેમાં એક્ટરે ફિઝિકલી તેમજ વીડિયો કોન્ફ્રેસિંગ દ્વારા હાજર રહેવું પડશે. રાજપાલ યાદવની ભત્રીજીના લગ્ન ૧૯ ફેબ્રુઆરીએ શાહજહાંપુરમાં થવાના છે.આ કેસ વર્ષ ૨૦૧૦થી શરૂ થાય છે. રાજપાલ યાદવ તેમની ફિલ્મ અતા પતા લાપતા બનાવવા માગતા હતા. તેના માટે તેમણે દિલ્હીની એક કંપની મુરલી પ્રોજેક્ટ્સ પાસેથી લગભગ ૫ કરોડ રૂપિયા ઉધાર લીધા હતા. ફિલ્મ બોક્સ ઓફિસ પર ન ચાલી અને આર્થિક મુશ્કેલીઓ વધી ગઈ. આ પૈસા ચૂકવવા માટે તેમણે (રાજપાલ યાદવે) આપેલા ચેક બેંકમાં બાઉન્સ થયા. અહીંથી જ કેસ કોર્ટમાં પહોંચ્યો. વ્યાજ અને દંડ સાથે આ રકમ વધીને લગભગ ૯ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ.ઉલ્લેખનીય છે કે, નીચલી કોર્ટે તેમને છ મહિનાની સજા સંભળાવી હતી. દિલ્હી હાઈકોર્ટે અનેક વખત તેમને તક આપી કે તેઓ આ પૈસા ચૂકવી દે, પરંતુ પૈસા ન ચૂકવતા કડક વલણ અપનાવ્યું અને તેમને તિહાડ જેલમાં સરેન્ડર કરવું પડ્યું. આમ, જ્યારે કોઈ વ્યક્તિ કોઈને પૈસા ચૂકવવા માટે ચેક આપે છે અને બેંક તેને અપર્યાપ્ત ધનરાશિ અથવા અન્ય કારણે રદ કરે છે, તો તેને ચેક બાઉન્સ કહેવામાં આવે છે.

### અમરેલી એસપીનાં માર્ગદર્શન તળે એલસીબીનો સપાટો

# ગુગલ મેપમાં સર્ચ કરેલ મંદિરોની રેકી કરી ચોરી કરનાર ૬ ઈસમો ઝડપાયા

## જિલ્લામાં થયેલી ૧૮ ચોરીની ઘટનાનો ભેદ ખુલ્યો



અમરેલી, તા. ૧૬

ગુગલ મેપમાં ગામ બહાર આવેલ અલગ અલગ મંદિરોના લોકેશનો સર્ચ કરી અને લોકેશનો મેળવ્યા બાદમાં ગુગલ મેપમાં સર્ચ કરેલ મંદિરોની રૈકી કરી બાદમાં મોટર સાયકલો લઈને જે જગ્યાએ મંદિર ચોરી કરવાં માટે લોકેશન આધારે ભેગા થતા અને મંદિરોમાં ચોરીના ગુનાઓ અંજામ આપી મોટર સાયકલો લઈ જતા રહેતા હતા. આવા ૧૮ મંદિરોમાં ઘરફોડ ચોરી કરતી હાઈફાઈ ટેકનોલોજીનો ઉપયોગ કરતી ગેંગના છ ઈસમોને રોકડ રકમ તથા વાહન મળી રૂપિયા ૨,૨૫,૬૯૫ના મુદ્દામાલ સાથે ૬ ઈસમોને પકડી પાડી, મંદિર ચોરીના ગુનાઓ ભેદ અમરેલી એલ.સી.બી. ટીમે ઉકેલી નાંખેલ છે.

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુન્હાઓના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેકટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને જરૂરી સુચના આપેલ હતી. જેને લઈ અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.એ.ડી. ચાવડાની રાહબરી હેઠળ એલ.સી.બી.ટીમ મિલકત સબંધી આરોપીની સઘન તપાસ દરમ્યાન બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે એલ.સી.બી. ટીમ ધ્વારા ઘરફોડ ચોરીમાં સંડોવાયેલ કમલેશભાઈ ઉર્ફે કમીશ ચંદરસીંગ બામનીયા, (રહે મુળ મધ્યપ્રદેશ, હાલ ડોડીયાળા ગામની સીમ, તા.જસદણ, જિ.રાજકોટ), ગોપાલ ઉર્ફે ગુડીયો સરદાસભાઈ બામનીયા, રહે.મુળ મધ્યપ્રદેશ હાલ સાંણથલી ગામની સીમ,તા.જસદણ, જિ.રાજકોટ), નરપતસિંહ સુભાન ઉર્ફે સોબાનભાઈ ગાવડ, રહે. મધ્યપ્રદેશ હાલ માલવીયા પીપરીયા ગામની સીમ, તા.લાઠી, જિ.અમરેલી), બાયસીંગ પારૂભાઈ અજનાર, મુળ મધ્યપ્રદેશ હાલ રહે.બાંભણીયા ગામની સીમ, તા.વડીયા,જિ.અમરેલી), સીરદાર ઉર્ફે સરદાર કેલસીંગ મહેડા, રહે.મુળ મધ્યપ્રદેશ હાલ બાંભણીયા ગામની સીમ, તા.વડીયા, જિ.અમરેલી) તથા સુરેશભાઈ કાળીયાભાઈ ઉર્ફે કાળુભાઈ બામનીયા, (રહે મુળ મધ્યપ્રદેશ હાલ રહે.માલવીયા પીપરીયા ગામની સીમ, તા.લાઠી, જિ.અમરેલી) સહિત છ શકમદ ઈસમોને પકડી, તેમની સઘન પુછપરછ કરતા આ આરોપીઓ ગુગલ મેપમાં અલગ અલગ ગામ બહાર આવેલ અલગ અલગ મંદિરોના લોકેશનો સર્ચ કરતા અને તેના લોકેશનો મેળવ્યા બાદમાં ગુગલ મેપમાં સર્ચ કરેલ મંદિરોની રૈકી કરતા, ગુગલ મેપના લોકેશન સાગરીતોને મોકલતા. બાદમાં મોટર સાયકલો લઈને જે જગ્યાએ મંદીર ચોરી કરવાનું નકિક થયેલ હોય તે જગ્યાએ લોકેશન આધારે ભેગા થતા અને બાદમાં રેકી કરેલ મંદિરોમાં ઘરફોડ ચોરીના ગુનાઓ અંજામ આપી મોટર સાયકલો લઈ જતા રહેતા હતા. અમરેલી જિલ્લા તથા આજુબાજુના વિસ્તારોમાં આવેલ ૧૮ મંદિરોમાં ઘરફોડ ચોરીઓ કરેલ હોવાની કબુલાત આપેલ હતી. તેથી પકડાયેલ આરોપીઓ પાસેથી ચોરીના ઉપયોગમાં લીધેલ વાહન તથા રોકડરકમ રૂા.૭૦,૬૯૫, એન્ડ્રોઇડ મોબાઈલ ફોન નંગ-૬ કિંમત રૂપિયા ૪૫,૦૦૦, મોટર સાયકલ નં.એમપી-૦૯-એશડી-૮૬૩૪ કિંમત રૂપિયા ૬૦,૦૦૦ તથા બીજું મોટર સાયલ જેના નં. જીજે-૧૪-કયુ-૪૩૨૨ જેની કિંમત રૂ.૫૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૨,૨૫,૬૯૫ સહિતનો મુદ્દામાલ કબ્જે કરી આરોપીઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

પકડાયેલ ઈસમોની સઘન પુછપરછ કરતાં તેના સાગરીતો સાથે મળી વીસેક દિવસ પહેલા લાઠી તાલુકાના માલવીયા પીપરીયા ગામે આવેલ ગેલ માતાજીના મંદિરમાંથી એક મોટુ ચાંદીનુ છત્તર તથા અન્ય નાના છત્તર નંગ-૪ તથા સોનાનો ચેઈન તથા ચાંદીના ઝાંઝર તથા ગ્લાસ વિગેરેની ચોરી કરેલ હતી.

ચારેક મહિના પહેલા લીલીયા તાલુકાના અંટાળીયા ગામે આવેલ અંટાળેશ્વર મહાદેવ મંદિરમાં તથા પ્રેમ આશ્રમના મંદિરમા તથા ડોબરીયા પરીવારના ખોડીયાર માતાના મઢમા તથા લાઠીયા પરીવારના ખોડીયાર માતાના મઢમા તથા જાત્રુડા ગામે દોમડીયા પરીવારના નાગબાઈ માતાના મઢમાંથી દાનપેટીઓ તોડી ચોરીઓ કરેલ હતી.ચારેક મહિના પહેલા વડીયા તાલુકાના બાંભણીયા ગામે ખોડીયાર માતાજીના મંદીરમાંથી દાનપેટી તોડવાની ઘણી કોશીક કરતા નહી તુટતા દાનપેટી લાખાપાદર ગામ જવાના રસ્તે લઈ જઈ દાનપેટીમાંથી રોકડ રકમની ચોરી કરેલ હોવાની હકિકત જણાવેલ છે.ચારેક મહિના પહેલા લાઠી તાલુકાના અડતાળા ગામે હનુમાનજીના મંદિરનો દરવાજાનો તોડી હનુમાનજીની મુર્તી ઉપર ચાંદીનો મુંગટ તથા ચાંદીનો હાર તથા નાના મોટા છત્તર ૧૨ જેટલાની ચોરી કરેલ હોવાની હકિકત જણાવેલ છે.

દશેક મહિના પહેલા ઢસા ગામે નારાયણનગર વિસ્તારમા આવેલ રામાપીરના મંદિરમાંથી દાનપેટી તોડી જેમાંથી રોકડા રૂપિયા આશરે બારેક હજાર જેટલી રકમની ચોરી કરેલ હોવાની હકિકત જણાવેલ છે.

એક મહિના પહેલા ગોંડલ તાલુકાના સતાપર ગામે આવેલ માનવ આશ્રમ મંદિરમાં રાત્રીના ચોરી કરવા ગયેલ અને આ મંદિરમાંથી ચાંદીના છત્તરની ચોરી કરેલ હોવાની હકિકત જણાવેલ છે.

ચારેક મહિના પહેલા વડીયા તાલુકાના લુણીધાર ગામે આવેલ સરધારા પરીવારના માતાજીના મંદિરે રાત્રીના સમયે ચોરી કરવા ગયેલ અને ત્યાંથી ચાંદીના નાના-મોટા આશરે ૧૭ થી ૧૯ છત્તરની ચોરી કરેલ અને તે જ રાત્રીના લુણીધાર ગામે આવેલ સ્વામીનારાયણ મંદિરની દાનપેટીમાંથી રોકડ રકમની ચોરી કરેલ હોવાની હકિકત જણાવેલ છે.

ચારેક મહિના પહેલા જસદણ તાલુકાના સાણથલી ગામે આવેલ મંદિરના દરવાજાના નકુચા તોડી નાના-મોટા છત્તરની ચોરી કરેલ હોવાની હકિકત જણાવેલ છે.

ચારેક મહિના પહેલા અમરેલી તાલુકાના મોટા આંકડીયા ગામે આવેલ ખોડીયાર માતાજીના મંદિરે રાત્રીના સમયે ચોરી કરવા ગયેલ અને આ મંદિરમાંથી ચાંદીના છત્તરની ચોરી કરેલ હોવાની હકિકત જણાવેલ છે.એકાદ મહીના પહેલા ગોંડલ તાલુકાના કુંભાજીની દેરડી ગામે મંદિરે ચોરી કરવા ગયેલ અને મંદિરમાંથી ચાંદીના છત્તરની ચોરી કરેલ અને ત્યાંથી નીકળી બાબરા તાલુકાના મોટા દેવળીયા ગામે આવેલ અને ત્યાં એક મંદિર ચોરી કરેલ હોવાનુ જણાવેલ છે.

ચારેક મહિના પહેલા અમરેલી તાલુકાના મોટા આંકડીયા ગામે આવેલ બાવીશી પરીવારના ખોડીયાર માતાજીના મંદિરમાંથી ચાંદીના છત્તર તથા દાનપેટીમાંથી રોકડ રકમની ચોરી કરેલ હોવાની હકિકત જણાવેલ છે.પાંચેક મહિના પહેલા બાબરા તાલુકાના થોરખાણ ગામે આવેલ મંદિરની દાનપેટીમાંથી રોકડ રકમની ચોરી કરેલ હોવાની હકિકત જણાવેલ છે.પકડાયેલ ઈસમો ગુગલ મેપમાં ગામ બહાર આવેલ અલગ અલગ મંદિરોના લોકેશનો સર્ચ કરતા અને તેના લોકેશનો મેળવ્યા બાદમાં ગુગલ મેપમાં સર્ચ કરેલ મંદિરોની રૈકી કરતા, ગુગલ મેપના લોકેશન સાગરીતોને મોકલતા. બાદમાં મોટર સાયકલો લઈને જે જગ્યાએ મંદિર ચોરીકરવાનું નકિક થયેલ હોય તે જગ્યાએ લોકેશન આધારે ભેગા થતા અને બાદમાં રેકી કરેલ મંદિરોમાં ઘરફોડ ચોરીના ગુનાઓ અંજામ આપી મોટર સાયકલો લઈ જતા રહેતા હતા.

### ગાંધી મંદિર ખાતે

# રાજુલા ખાતે સન્માન અને પ્રોત્સાહન કાર્યક્રમ યોજાયો

## કવિ હેમાળવી અને ભાજપ ઉપપ્રમુખ દિલીપ જોષીનું થયું સન્માન





રાજુલા, તા.૧૬

રાજુલા શહેર ખાતે મુંબઈ સેવા મંડળ ટ્રસ્ટ સંચાલિત ગાંધી મંદિરમા કાર્યરત બાલ મંદિરના બાળકોને સન્માનવાનો કાર્યક્રમ મુંબઈ સ્થિત ટ્રસ્ટના ઉપપ્રમુખ ધરમદાસભાઈ તથા રાજુલાના ઉદ્યોગપતિ મનુભાઈ ધાખડાની નિશ્રામા યોજાયો હતો. આ કાર્યક્રમ મા બાલ મંદિરના બાળકોને અમૂલ દૂધની બોટલ, ડેરી મીલ્ક ચોકલેટ, તથા રોકડ રકમ પ્રોત્સાહન રૂપે બાળકોને આપવામા આવ્યા હતા.આ કાર્યક્રમમા રાજુલાના કવિ અને જેમને તાંજેતર માજ અમરેલી જીલ્લાનો લોકસાહિત્યનો શ્રેષ્ઠ બાલકૃષ્ણ એવોર્ડ – ૨૫ એનાયત થયો એવા શશિભાઈ રાજયગુરૂ કવિ ‘હેમાળવી’તથા રાજુલાના બ્રહ્મસમાજના અગ્રણી અને ભાજપના સક્રીય આગેવાન દિલીપભાઈ જોષીને અમરેલી જીલ્લા ભાજપ ઉપપ્રમુખ તરીકે નિયુક્ત થતા હાજર મહાનુભાવો દ્વારા સન્માન કરવામા આવ્યા હતા. પ્રાસંગિક ઉદબોધનમા ધરમદાસભાઈએ જણાવ્યુ હતુ કે સેવા મંડળ મુંબઈ, ગાંધી મંદિર તથા વ્યાયામ મંદિરના વિકાસ માટે કામ કરી રહેલ છે. બાલ મંદિરનો સંપૂર્ણ વહિવટી તથા શૈક્ષિક ખર્ચ ઉઠાવી રહેલ છે. ભવિષ્યમા પણ સંસ્થાના વિકાસ અર્થે સહાયો કરવામા આવશે. બાલ મંદિરની સવલતનો રાજુલાની જનતા વધારે મા વધારે લાભ લે તેમ જણાવાયુ હતુ. કાર્યક્રમનુ આયોજન ગાંધી મંદિરના ડાયરેકટર પ્રવિણભાઈ જાની દ્વારા કરવામા આવ્યુ હતુ તેમજ સ્ટાફના આચાર્ય વિભાબેન વાવડીયા, આસીસ્ટન્ટ ભારતીબેન મશરૂ તથા સહાયક ભારતીબેન બારોટે કાર્યક્રમ ને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

કાર્યક્રમમા રાજુલાના વેપારીઓ તથા નગરશ્રેષ્ઠીઓ રામકુભાઈ ધાખડા, બાબુભાઈ કોટીલા, ભરતભાઈ સંઘવી, બિપીનભાઈ મહેતા, પ્રવિણભાઈ જાની, વૈભવભાઈ સંઘવી, મહેશભાઈ, જીલુભાઈ ચુડાસમા ઉપસ્થિત રહ્યા હતા.

### જિલ્લા કાર્યવાહક અને અધ્યક્ષનાં માર્ગદર્શન તળે

# ચલાલાની ધરા ઉપર આજે હિન્દુ મહા સંમેલન : ગુંજશે એકતાનો શંખ નાદ

## સાધુ, સંતો, મહંતો દ્વારા આર્શીવચન પાઠવાશે



ચલાલ, તા. ૧૬

સનાતન ધર્મની રક્ષા અને હિન્દુ સમાજમાં અતૂટ એકતાના નિર્માણ કાજે અમરેલી જિલ્લાના ચલાલા પંથકની પવિત્ર ધરા પર આજે એક ઐતિહાસિક ક્ષણ આકાર લઈ રહી છે. ‘‘સંગઠિત હિન્દુ, સુરક્ષિત હિન્દુ’’ના પ્રબળ મંત્ર સાથે આજે ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ને મંગળવારના રોજ ‘‘દાનેવ હિન્દુ મહા સંમેલન’’નું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ચલાલા સહિત સમગ્ર પંથકમાંથી હજારોની મેદની ઉમટી પડે તેવી શક્યતા સેવાઈ રહી છે. ‘‘હિન્દુ હિન્દુ એક રહે, ભેદભાવ કો નહીં સહે’’ના ઉમદા સૂત્રને સાર્થક કરવાના હેતુથી યોજાનારા આ મહા સંમેલનમાં પક્ષ, જ્ઞાતિ કે જાતિના તમામવાડાઓ ભૂલીને માત્ર હિન્દુ તરીકે સંગઠિત થવા આહવાન કરવામાં આવ્યું છે.

ચલાલાની આર.કે.એમ.એમ. હાઈસ્કૂલના પટાંગણમાં આજે સવારે ૯:૦૦ કલાકે પ્રારંભ થનારા આ કાર્યક્રમમાં સનાતન સંસ્કૃતિના મૂલ્યો અને વર્તમાન સમયમાં સંગઠનની અનિવાર્યતા પર વિશેષ ભાર મૂકવામાં આવશે. આ ધર્મસભામાં અમરેલીના પરમ પૂજય સ્વામી નિત્યશુદ્ધાનંદ સરસ્વતીજી પોતાના અમૃતમય આશીર્વચન પાઠવશે, જયારે મુખ્ય વકતા તરીકે સૌરાષ્ટ્ર પ્રાંત સહ પ્રચારક કમલેશભાઈ રાદડિયા ઉપસ્થિત રહી સામાજિક જાગૃતિ અને સમરસતા વિશે પ્રેરણાદાયી પાથેય પીરસશે. તેમજ અંશાવતાર દાનમહારાજની પાવન જગ્યાના લઘુમંહત મહાવીર બાપુ ભગત, ગાયત્રી સંસ્કાર ધામના વડા ડો રતિદાદા મહેતા, ગઢીયા ગીર દાનેવ ધામના મહંત હર્ષદ બાપુભગત, મહેશભાઈ મહેતા, ભીમનાથ મહાદેવ મંદિરના મહંત મયુર બાપુ, મોન્ટુ બાપુ, માનવ મંદિરના મહંત ભકિતરામ બાપુ, ખોડલધામ નેસડીના મહંત લવજી બાપુ, ચાપરડા આશ્રમના મહંત મુકતાનંદ બાપુના પ્રતિનિધિ રામાનંદી સાધુ સમાજના બાલા બાપુ દેવમોરારી, મૂળવદરની જગ્યાના ગાયત્રી માતાજી, દેવાંગી આશ્રમના દયા માતાજી, બ્રહ્માકુમારીના ક્રિષ્ના દીદી, સહિતના સંતો મહંતો અને તમામ સંપ્રદાયના દેવળો અને મંદિરોના પૂજારી ઓ ઉપસ્થિત રહી આર્શીવચન વચન પાઠવશે.

દાનેવ હિન્દુ મહા સંમેલન સમિતિ દ્વારા આ કાર્યક્રમની તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. આ સંમેલન એ માત્ર એક મેળાવડો નહીં પણ હિન્દુ સમાજની એકતાનો મજબૂત પુરાવો બની રહેશે. આ ભવ્ય આયોજનમાં રાજકીય અને સામાજિક ક્ષેત્રના અનેક દિગ્ગજો પણ હાજરી આપી ગૌરવ વધારશે. કાર્યક્રમની પૂર્ણાહુતિ બાદ તમામ ભાવિકો માટે સમૂહમાં ‘ ‘ભોજન પ્રસાદ’’ની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. ધર્મ અને સંસ્કૃતિના આ મહાકુંભમાં જોડાવા માટે આયોજકો દ્વારા જાહેર જનતાને ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### માસ્ટર ટ્રેનર વૈશાલીબેન ચાવડા દ્વારા

# લાઠી : જરખીયા ગામે ખેડૂતોમાં પ્રાકૃતિક ખેતી પ્રત્યે જાગૃતિ લાવવા તાલીમ યોજાઈ

## ખેડૂતોને ખેતરમાં જઈ અને પ્રાકૃતિક ખેતીના પાંચ આયામો વિશે માર્ગદર્શન અપાયુ



અમરેલી, તા.૧૬

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના જરખીયા ગામે ખેડૂતોમાં પ્રાકૃતિક ખેતી પ્રત્યે જાગૃતિ લાવવા તથા રાસાયણિક મુક ખેતી તરફ પ્રોત્સાહિત કરવા માટે તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા અને પ્રાકૃતિક ખેતીપદ્ધતિ અંગે માર્ગદર્શન મેળવ્યું હતું.આ પ્રસંગે માસ્ટર ટ્રેનર વૈશાલીબેન ચાવડાએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના મહત્વ અને તેની વૈજ્ઞાનિક પદ્ધતિઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે પ્રાકૃતિક ખેતી દ્વારા જમીનની ઉપજાઉ શકિતમાં વધારો થાય છે, ખેતી ખર્ચમાં ઘટાડો થાય છે અને ખેડૂતોને વધુ શુદ્ધ તથા ગુણવત્તાયુકત ઉત્પાદન પ્રાપ્ત થાય છે.

માસ્ટર ટ્રેનર દ્વારા પ્રાકૃતિક ખેતીના પાંચ મુખ્ય આયામો વિશે વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે સમજાવ્યું હતું કે બીજામૃત દ્વારા બીજની શુદ્ધતા અને રોગપ્રતિકારક શકિતમાં વધારો થાય છે, જેના કારણે પાકની સારી વૃદ્ધિ થાય છે. જીવામૃત જમીનમાં સુક્ષ્મજીવોની સંખ્યા વધારીને જમીનની ઉર્વરતા સુધારે છે અને પાકને જરૂરી પોષક તત્વો પૂરા પાડે છે.તે ઉપરાંત આચ્છાદન (મલ્ચિંગ) દ્વારા જમીનમાં ભેજ જળવાઈ રહે છે, નિંદામણમાં ઘટાડો થાય છે અને જમીનની ગુણવત્તા જાળવવામાં મદદ મળે છે. વાપસા પદ્ધતિ દ્વારા જમીનમાં હવા અને ભેજનું સંતુલન જાળવી રાખીને પાકની સારી વૃદ્ધિ માટે અનુકૂળ પરિસ્થિતિ ઊભી કરવામાં આવે છે.તેમજ પ્રાકૃતિક જીવ નિયંત્રણ પદ્ધતિઓ દ્વારા રાસાયણિક દવાઓનો ઉપયોગ કર્યા વગર દેશી ગાયના ગોમૂત્ર અને અન્ય કુદરતી ઘટકોમાંથી તૈયાર કરાયેલા દ્રાવણોનો ઉપયોગ કરીને જીવાત અને રોગનું નિયંત્રણ કરી શકાય છે.આ તાલીમ કાર્યક્રમના અંતે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવીને જમીનની ગુણવત્તા જાળવવા, ખેતી ખર્ચમાં ઘટાડો કરવા અને પર્યાવરણને અનુકૂળ ખેતી પદ્ધતિ અપનાવવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

# અમરેલીમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ફળ અને શાકભાજી સંરક્ષણ તાલીમ યોજાઈ





અમરેલી, તા. ૧૬

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જૂ. કૃ. યુ., અમરેલી ખાતે તા. ૧૧/૨/૨૦૨૬ થી ૧૫/૨/૨૦૨૬ સુધી પાંચ દિવસીય ફળ અને શાકભાજી સંરક્ષણ તાલીમ યોજાઈ. આ કાર્યક્રમનું સંયુકત આયોજન નાયબ બાગાયત નિયામક, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જૂ. કૃ. યુ., અને પોલીટેક્નિક ઈન એગ્રીકલ્ચર, એન.એસ.એસ. યુનિટ દ્વારા કરવામાં આવ્યું હતું.

તાલીમમાં કેવિકના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. મીનાક્ષી કે. બારિયા અને ડો. નેહા તિવારી કેવિકે વિષય નિષ્ણાંત (ગૃહ વિજ્ઞાન) દ્વારા પોલીટેકનિક ઈન એગ્રીકલ્ચર, જૂ. કૃ. યુ.. અમરેલીની કોલેજમાં અભ્યાસ કરતી ૩૩ જેટલી વિદ્યાર્થીનીઓને તાલીમ આપવામાં આવી હતી.

પાંચ દિવસ દરમિયાન તાલીમાર્થીઓને ફળ અને શાકભાજીને કોઈ રાસાયણિક પદાર્થો વિના લાંબા સમય સુધી સાચવવાની વિધિ શીખવવામાં આવી. તેઓએ સ્વચ્છતા, યોગ્ય કટિંગ, ગરમ કરવાની પ્રક્રિયા, ખાંડ, મીઠું અને તેલ જેવા કુદરતી સંરક્ષકોના મહત્વને સમજાવ્યું.

તાલીમ દરમિયાન ભાગલેનારોએ પાઈનએપલ જામ, મિક્સ ફ્રૂટ જામ, ટામેટા અને મરચાં સોસ, ઓરેન્જ સ્ક્વોશ, સફરજનની ચટણી, લીંબુ-ખજુરનું અથાણું, આમળા કેન્ડી, આમળા ચ્યવનપ્રાશ, બીટનો કેક અને લાડુ જેવા અનેક મૂલ્યવર્ધિત ઉત્પાદનો તૈયાર કર્યા. કેમ કે આમળા વિટામિન સીથી સમૃદ્ધ છે. તાલીમાર્થીઓએ તેના ઊંચા પોષક મૂલ્ય વિશે પણ જાણકારી મેળવી. આ તાલીમથી વિદ્યાર્થીઓની પ્રાયોગિક કુશળતા, આત્મવિસ વધ્યો તેમજ ખાદ્ય સંરક્ષણ દ્વારા પાક પછીના નુકસાન ઘટાડવા અને ખેડુતોની આવક વધારવા અંગે સમજ આવી. તાલીમ પૂર્ણ થતા તમામને પ્રમાણપત્ર અને સ્ટાઈપેન્ડ આપવામાં આવ્યા. કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓને આત્મનિર્ભર બનવા અને સ્વરોજગારની તકો ઉભી કરવા માટે પ્રેરણા મળી.

‘‘અમરેલી એક્સપ્રેસ’’
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
‘‘અમરેલી એક્સપ્રેસ’’ના પત્રકારોને વિનંતી કે,ઇ-મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
‘‘અમરેલી એક્સપ્રેસ’’ દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

### ‘બેટી બચાઓ બેટી પઢાઓ’ યોજના અંતર્ગત

# અમરેલી સિવિલ હોસ્પિટલમાં જન્મેલી દીકરીઓને વધામણા કિટનું વિતરણ

## દીકરીઓનાં શિક્ષણ આરોગ્ય અંગે જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ



અમરેલી, તા. ૧૬

ભારત સરકારની ‘‘બેટી બચાઓ બેટી પઢાઓ’’ યોજના અંતર્ગત દીકરીઓના સન્માન અને પ્રોત્સાહન માટે અમરેલી ખાતે અનોખી પહેલ કરવામાં આવી. આજરોજ જિલ્લા મહિલા અને બાળ અધિકારી શૈલેષભાઈ કણઝરીયાના માર્ગદર્શન હેઠળ અમરેલી સરકારી સિવિલ હોસ્પિટલમાં જન્મેલી દીકરીઓને ‘‘દીકરી વધામણા કિટ’’નું વિતરણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમ DHWS (District Hub for Empowerment of Women) સ્ટાફ અને OSC (One Stop Center) સ્ટાફ દ્વારા સંકલિત રીતે યોજાયો હતો.

આ પ્રસંગે હોસ્પિટલમાં જન્મેલી નવજાત દીકરીઓના પરિવારજનોને અભિનંદન પાઠવીને દીકરીના જન્મને આનંદપૂર્વક ઉજવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. કિટમાં બાળકના પ્રાથમિક સંભાળ માટે જરૂરી સામગ્રીનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જે માતા-પિતાને ઉપયોગી સાબિત થાય તેવો હેતુ રાખવામાં આવ્યો છે.

કાર્યક્રમ દરમિયાન દીકરીઓના શિક્ષણ, આરોગ્ય અને સુરક્ષા અંગે જાગૃતિ ફેલાવવાનો પણ પ્રયત્ન કરવામાં આવ્યો. અધિકારીઓએ જણાવ્યું હતું કે ‘‘બેટી બચાઓ બેટી પઢાઓ’’ યોજના સમાજમાં લિંગ સમતુલા જાળવવા અને દીકરીઓને શિક્ષણ તરફ પ્રોત્સાહિત કરવા માટે મહત્વપૂર્ણ સાબિત થઈ રહી છે. આ પ્રકારની પ્રવૃત્તિઓથી સમાજમાં દીકરી પ્રત્યે સકારાત્મક દ્રષ્ટિકોણ વિકસે છે અને મહિલા સશક્કિરણને વધુ બળ મળે છે.

### ગામનુ પાણી ગામમાં અને સીમનુ પાણી સીમમાં રોકવુ જરૂરી

# વડિયા : ઢુંઢીયા પીપળીયા ગામે જળસંચય જાગૃતિ અર્થે બેઠક યોજાઈ

## પાણીની સમસ્યાના નિરાકરણ અર્થે ચર્ચા થઈ



અમરેલી, તા. ૧૬

વડીયા તાલુકાના ઢુંઢીયા પીપળીયા ગામે જળસંચયના ઉમદા હેતુ સાથે તાજેતરમાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા એક ભવ્ય જળસંચય જાગૃતિ મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગ્રામજનોને જળશકિતનું મહત્વ સમજાવવા અને આગામી સમયમાં પાણીની સમસ્યાના કાયમી ઉકેલ માટે પાયાની ચર્ચાઓ કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયાએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ગ્રામજનોને સંબોધતા જણાવ્યું હતું કે, એ માત્ર કુદરતી સંપત્તિ નથી, પણ આપણી આવનારી પેઢીનું ભવિષ્ય છે. જો આપણે આજે ‘ગામનું પાણી ગામે અને સીમનું પાણી સીમમાં’ રોકવાનો સંકલ્પ નહીં કરીએ, તો ભવિષ્યમાં ખેતી અને પશુપાલન માટે ગંભીર સંકટ ઉભું થશે.


દિલીપભાઈ સખીયાએ નિર્દેશ કર્યો હતો કે, વરસાદી પાણીને જમીનમાં ઉતારવા માટે ખેત તલાવડી, બોર રિચાર્જ અને ચેકડેમ જેવા માધ્યમો અપનાવવા અનિવાર્ય છે. જમીનમાં પાણીના તળ ઊંચા આવશે, ત્યારે જ સૌરાષ્ટ્ર અને ગુજરાત સાચા અર્થમાં સમૃદ્ધ બનશે. જળસંચય એ કોઈ વ્યકિતગત કાર્ય નથી, પણ એક સામાજિક જવાબદારી છે અને સમૂહશકિત દ્વારા જ આપણે આ જળ ક્રાંતિને સફળ બનાવી શકીશું.આ બેઠકમાં ગામના અગ્રણીઓ સર્વ લાલજીભાઈ વાવલીયા, પ્રફુલભાઈ પાઘડાળ, ભાવેશભાઈ રાદડિયા, જગદીશભાઈ સાવલિયા, કમલેશભાઈ પાઘડાળ, પુનાભાઈ વારદોરીયા, કાનજીભાઈ પાઘડાળ, વિપુલભાઈ કોલડિયા, મુકેશભાઈ વાવલીયા, લાલજીભાઈ વારદોરીયા તથા વિનુભાઈ રાદડિયા તેમજ કુકાવાવ તાલુકા કમિટીના પ્રમુખ અરવિંદભાઈ ડોબરિયા, ગીરધરભાઈ ગેવરીયા, અશોકભાઈ હીરાણી સહિતના મહાનુભાવો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.સમગ્ર કાર્યક્રમ દરમિયાન ગ્રામજનોમાં જળસંચય પ્રત્યે અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો અને સૌએ સાથે મળીને પાણી બચાવવા તેમજ જમીનમાં ઉતારવા માટેના પ્રયત્નોમાં સહભાગી થવાનો કોલ આપ્યો હતો.

# અમરેલી : બ્રહ્માકુમારીઝ દ્વારા મહાશિવરાત્રિ નિમિતે સહસ્ત્ર શિવલિંગ દર્શન તથા ૧૨ જ્યોતિર્લિંગ દર્શન યોજાયા







અમરેલી સીનીયર સીટીઝન પાર્ક ખાતે મહાશિવરાત્રિના પાવન પર્વ નિમિતે બ્રહ્માકુમારીઝ ધ્વારા સહસ્ત્ર શિવલિંગ એટલે કે, એક સાથે ૧૦૦૦ શિવલિંગના દર્શન એક સાથે થઈ શકે તેવું મંદિર ગોઠવવામાં આવેલ. જેનાથી સર્વ ભકતોને હજારવાર દર્શનનું ફળ પ્રાપ્ત થાય હજાર વરદાન મળે અને અને હજાર ભૂલોને ભગવાન માફ કરે. આ પ્રસંગે ભકતોએ શિવ પરમાત્મા સમક્ષ પોતાના અવગુણો અને વ્યસનો અર્પણ કરી શુભ સંકલ્પરૂપી બીલીપત્ર ચડાવ્યા ફ પરમાત્મા સત્ય પરીચય સાથે તેમની શાંતી માટે રાજયોગ મેડીટેશન માઈન્ડ સ્પા પણ કરાવવામાં આવેલ. કાર્યક્રમનું ઉદઘાટન અગ્રણી ઉદ્યોગપતિ કાળુભાઈ ભંડેરી, લાઈન્સ કલબ સીટી અમરેલીના પ્રમુખ રૂજુલભાઈ ગોંડલીયાએ દીપ પ્રાગટય કરી આ કાર્યક્રમને ખુલ્લો મુકેલ. કાર્યક્રમમાં લાઈન્સ કલબ ઓફ અમરેલી સીટી દ્વારા અંગદાન જનજાગૃતિ અભિયાનનું આયોજન કરેલ. શંકર પાર્વતીની લાઈવ ઝાંખી કાર્યક્રમનું મુખ્ય આર્કષણ રહેલ. હજારો ભકતોએ દર્શન કરી ધન્યતા અનુભવી. આ ભવ્ય આયોજનમાં અમરેલીના ગણમાન્ય ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, કાયદા મંત્રી કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા, પરશોતમભાઈ રૂપાલા તથા શ્રધ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમનો લાભ લીધેલ. સમગ્ર કાર્યક્રમનું આયોજન બ્રહ્માકુમારિઝ અમરેલીના મુખ્ય સંચાલીકા બ્ર.કુ. ગીતાબહેન અને બ્ર.કુ. કિંજલબહેન, બ્ર.કુ.ના બહેનો તથા બ્રહ્માકુમારીઝના તમામ ભાઈ–બહેનોએ સુંદર આયોજન કરેલ. ફિલ્ડ રીપોટર બ્ર.કુ. આઈ.પી. બારડની યાદી જણાવે છે.

### સોમવતી અમાસનાં પવિત્ર દિને

## બાબરા ખાતે પુ. ઘનશ્યામદાસ બાપુ દ્વારા બ્રહ્મચોર્યાસીનુ આયોજન થયુ

### બ્રહ્મસમાજનાં અગ્રણીઓએ કર્યુ પુજન અર્ચન




તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૬

બાબરામાં તાપડીયા આશ્રમમાં સોમવતી અમાસના દિવસે આશ્રમના મહંત પૂજય ઘનશ્યામદાસ બાપુ દ્વારા બ્રહ્મચોર્યાસીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બાબરા શહેરના સમસ્ત બ્રહ્મસમાજના ભૂદેવો પરિવાર સાથે મહાપ્રસાદનો લાભ મેળવી ધન્યતા લાગણી અનુભવી હતી.

પૂજય બાપુ દ્વારા બ્રહ્મચોર્યાસીનું ભવ્ય આયોજન કરવામાં આવતા સમસ્ત બ્રહ્મસમાજના અગ્રણીઓ અતુલભાઈ ત્રિવેદી, સુરેશભાઈ તેરૈયા, શૈલેષભાઈ કનૈયા, મહેતાભાઈ અને પંકજભાઈ ઈન્દ્રોડિયા દ્વારા પૂજય બાપુનું પૂજન અર્ચન સ્વાગત સન્માન કરી આશીર્વાદ મેળવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા આશ્રમના પૂજારી પૂજય નાનારામ બાપુ, સેવકો સમુદાયમાં હિતેનભાઈ જસાણી, શંભુભાઈ પાંચાણી, નટુભાઈ સહિતના સેવકો દ્વારા સેવા કરવામાં આવી હતી.

પાના ૮ ઉપરનું ચાલું **શંકાસ્પદ દૂધ ભરેલ ટેન્કરનો**

અન્ય કેટલાંક લોકોએ ગાડી રોકી અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યો અને વાહનને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ બાઈક પરથી પથ્થર ફેંકવામાં આવ્યો અને સ્ટીલનો રોડ ફેંકી હુમલો કરવામાં આવ્યો હતો.

આપ નેતાએ વધુમાં જણાવ્યું હતું કે, ખીરસરા ગામ નજીક બે ગાડીઓએ તેમની ગાડી ઘેરી અને અંદાજે ૧૦થી ૧૫ લોકો દ્વારા મારપીટ કરવામાં આવી. તેમની સાથે રહેલા અન્ય લોકોને પણ માર મારવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું કે તેમનો એકમાત્ર હેતુ ગુજરાતની જનતાને શુદ્ધ અને સુરક્ષિત દૂધ મળે તે છે. ટેન્કર નંબર જી.જે.–૩૩ ટી–૬૦૦૧ છેલ્લા ત્રણ મહિનાથી વિવિધ સ્થળોએ દૂધ ખાલી કરતું હોવાનો દાવો કર્યો હતો. તેમના જણાવ્યા મુજબ આ દૂધ અરવલ્લી જિલ્લાના કેટલાક ગામોની દૂધ મંડળી સહિત કેટલીક સહકારી ડેરીઓમાં ખાલી કરવામાં આવતું હતું. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો કે સહકારી ડેરીઓમાં બહારના વિસ્તારનું દૂધ સ્વીકારવાની મનાઈ હોવા છતાં આ દૂધ કેવી રીતે સ્વીકારવામાં આવતું હતું ? તેમની પાસે જીપીએસ ટ્રેકિંગ સહિતના કેટલાક પુરાવા ઉપલબ્ધ હોવાનો પણ તેમણે દાવો કર્યો છે. આ દૂધમાં યુરિયા, પામતેલ અને અન્ય રસાયણો મળ્યાની શંકા વ્યકત કરી હતી. તેમણે માંગ કરી કે ટેન્કરને તાત્કાલિક સીલ કરવામાં આવે અને સમગ્ર મામલે નિષ્પક્ષ તથા કડક તપાસ કરવામાં આવે. તેમણે રાજયના ગૃહ રાજયમંત્રી અને સંબંધિત વિભાગોને આ ઘટનાની ગંભીરતાથી તપાસ કરી દોષિતો સામે કાયદેસરની કાર્યવાહી કરવા માંગ કરેલ છે.

## અવસાન નોંધ

**અમરેલી/જાળીયા :** હેમંત ભરતભાઈ ડાબસરા (ચુંવાળીયા કોળી ઠાકોર) (ઉ.વ. ૨૫) તે ભરતભાઈ લક્ષ્મણભાઈ ડાબસરાનાં પુત્ર, રીંકેશ તથા પૌસલ તથા પ્રાંજલના નાનાભાઈ તે બાબુભાઈ લક્ષ્મણભાઈ ડાબસરા કોળી ઠાકોર સમાજ અમરેલી જિલ્લા અગ્રણીના નાના ભાઈના પુત્રનું તા. ૧૫/૨/૨૬નાં રોજ ટૂંકી બીમારીથી અવસાન થયેલ છે.

**અમરેલી :** મૂળ લાપાળીયા નિવાસી સાઠોદરા નાગર બ્રાહ્મણ લાભુબેન દિનકરરાય જોશી (ઉં. વ. ૮૦) તે દિનકરરાય ભાઈલાલભાઈ જોષીના ધર્મપત્ની, સ્વ. ઈન્દુભાઈ જોષી (અમરેલી), સ્વ. રમેશભાઈ જોશી (ગાંધીનગર)ના ભાભી તથા ભીખુભાઈ પંડયા (નાની વડાળ, હાલ : અમરેલી)ના બેન, પારસભાઈના માતુશ્રી, કનુભાઈ, કપિલભાઈના માસી તથા રૂદ્રદત્તભાઈના ભાભુ હાટકેશ શરણ પામ્યા છે. સદગતનું બેસણું તા. ૧૯/૨ને ગુરૂવારે સાંજના ૪થી ૬ જલારામ નગર –૧, શેરી નં. ૨, મારૂતિ કિરાણા સ્ટોરવાળી ગલી, અમરેલી ખાતે રાખેલ છે.

સંકુલ કોલેજ ગર્લ્સને વૈશ્વિક જાણકારી અર્થે પેરેન્ટ્સની સમંતિથી સ્માર્ટ ફોનની છૂટ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ અમરેલી. -Ad 199

### ''નલ સે જલ''યોજનાની ગુલબાંગો વચ્ચે

## જાફરાબાદમાં ઉનાળાનાં આગમન પહેલા જ પીવાના પાણીની સમસ્યા ઉભી થઈ

### અમુક વિસ્તારનાં રહેવાસીઓ પાણી ખરીદવા મજબુર

જાફરાબાદ, તા. ૧૬

જાફરાબાદના સામાકાંઠા વિસ્તારોમાં ૧૫–૨૦ દિવસ થવા છતાં પાણી વિતરણ કરવામાં આવતું નથી. આમજનતાને જીવન જરૂરિયાત પાણી માટે ૨૦૦–૩૦૦ રૂપિયા ખર્ચી પાણીનાં ટાકા મંગાવવાની ફરજ પડી રહી છે. મોટી મોટી ગુલબાંગો થયા કરે પાણીએ બંધારણીય અધિકાર હોય પાલિકાની વિકાસ યાત્રામાં જીવન જરૂરિયાત પાણી આટલા દિવસો સુધી વિતરણ વ્યવસ્થા ઠપ્પ થતી હોય આમજનતા પાલિકાને પાણી વેરો સમયસર ભરવા છતાં પણ સામાકાંઠા વિસ્તારોના નાગરિકોને તરસ્યા રાખાવવા આવી રહ્યા છે. સરકારની યોજના નળ સે જળ યોજના ફક્તને ફક્ત કાગળ ઉપર જ સિમિત હોય તેવું આમજનતાને લાગી રહ્યું છે. ૧૫ થી ૨૦ દિવસે



જળ વિતરણ થતું હોય આમજનતામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. નગરપાલિકાએ નાગરિક સેવા નહીં આપવામાં હદ વટાવી દીધી દરિયા કાંઠેની સ્થિતિ તરસ્યા નગર જેવી બની ગઈ છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

**શ્રી સનાળી ગ્રામ પંચાયત**
**તા. કુંકાવાવ–વડીયા, જી. અમરેલી**

**:: ટુંકી મુદ્દતની જાહેર હરરાજી ::**

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે, અમરેલી જિલ્લાના કુંકાવાવ વડિયા તાલુકાના સનાળી ગામે આવેલ જૂની ગ્રામ પંચાયત હસ્તકનુ **જુનુ આંગણવાડી કેન્દ્ર – ૫૧** તોડીપાડી, ઈમલો ઉતારી, કાટમાળ નિકાલ કરી અને જગ્યા ખુલ્લી સમથળ કરી આપવાના કામની જાહેર હરરાજી તા. ૨૩/૦૨/૨૦૨૬ને સોમવારના રોજ સમય સવારે ૧૧ : ૦૦ કલાકે પ્રાથમિક શાળા સ્થળે રાખેલી હોય જેની અપસેટ કિંમત ૬૦૦૦/– છે. આમ હરરાજીની પ્રક્રિયામાં ભાગ લેવા રસ ધરાવતા ઈસમોએ હાજર રહેવું.

**સરપંચશ્રી**
**ગિરીશભાઈ એન. મોવલિયા**
**સનાળી ગ્રામ પંચાયત**
**મો. ૯૯૭૯૨ ૨૬૮૭૯**

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલી, સાવરકુંડલા માર્કેટયાર્ડમાં**

અને ધાણીની આવક અંગે યાર્ડના સેક્રેટરી મુકેશ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લામાં સારા વરસાદથી ખેડૂતોને ખેતીપાકો સારા થયા હોય ને હાલ અમરેલી, સાવરકુંડલા યાર્ડમાં ૭ હજાર આસપાસની ધાણા અને ધાણીની આવક થઈ રહી છે. ૧૫૦૦થી લઈને ૨૦૦૦ સુધીના ભાવો આજે પણ મળી રહ્યા હોય ત્યારે આવા ભાવો મળવાથી ખેડૂતોમાં ખુશી હોવાનું જણાવ્યું હતું.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૭૫ | ૧૫૩૦ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૦૮૫ | ૧૫૧૫ |
| ૩ | શિંગ મોટી | ૯૦૫ | ૧૫૭૫ |
| ૪ | શિંગદાણા | ૧૨૮૦ | ૧૮૨૦ |
| ૫ | શિંગદાણા ફાડા | ૧૦૫૦ | ૧૯૪૫ |
| ૬ | તલ સફેદ | ૧૪૦૦ | ૨૧૦૦ |
| ૭ | તલ કાળા | ૨૪૪૦ | ૪૦૨૫ |
| ૮ | બાજરો | ૬૦૦ | ૬૦૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૫૦ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૩૫ |
| ૧૧ | મકાઈ | ૩૫૫ | ૪૧૫ |
| ૧૨ | અડદ | ૭૦૦ | ૧૪૫૫ |
| ૧૩ | ચણા | ૭૪૦ | ૧૦૬૫ |
| ૧૪ | ચોળી | ૭૫૦ | ૭૫૦ |
| ૧૫ | તુવેર | ૭૮૦ | ૧૫૨૦ |
| ૧૬ | કપાસ | ૯૩૫ | ૧૬૨૦ |
| ૧૭ | એરંડા | ૧૦૦૦ | ૧૨૭૫ |
| ૧૮ | જીરૂ | ૩૭૯૦ | ૩૯૯૦ |
| ૧૯ | રાયડો | ૧૦૨૦ | ૧૦૫૫ |
| ૨૦ | ધાણા | ૧૪૦૦ | ૨૨૪૦ |
| ૨૧ | ધાણી | ૧૪૦૦ | ૨૫૦૫ |
| ૨૨ | અજમા | ૧૯૦૦ | ૨૧૦૦ |
| ૨૩ | સોયાબીન | ૮૬૫ | ૧૦૧૫ |
| ૨૪ | મરચા લાંબા | ૧૪૨૦ | ૭૦૪૦ |
| ૨૫ | કાંગ | ૪૫૫ | ૫૫૫ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૩૧ | ૧૫૭૦ |
| ૨ | મગફળી | ૧૧૫૧ | ૧૩૭૧ |
| ૩ | ચણા | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૪ | સોયાબીન | ૭૦૦ | ૯૭૯ |
| ૫ | તુવેર | ૧૩૫૦ | ૧૪૭૨ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૩૦૦ | ૧૪૮૨ |
| ૨ | શીંગ મોટી | ૧૩૫૦ | ૧૫૨૦ |
| ૩ | તલ સફેદ | ૧૭૫૦ | ૧૯૫૧ |
| ૪ | જીરૂ | ૩૮૦૦ | ૪૧૮૬ |
| ૫ | કપાસ | ૧૩૧૦ | ૧૬૧૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૬૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૭૦ |
| ૮ | બાજરો | ૪૪૦ | ૫૪૦ |
| ૯ | જુવાર | – | ૧૧૪૨ |
| ૧૦ | અડદ | ૯૩૦ | ૧૩૪૬ |
| ૧૧ | ચણા | ૧૦૦૦ | ૧૦૭૦ |
| ૧૨ | દેશી ચણા | – | ૧૧૭૦ |
| ૧૩ | તુવેર | ૧૪૦૦ | ૧૬૧૫ |
| ૧૪ | એરંડી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૧૫ | મેથી | – | ૧૧૩૫ |
| ૧૬ | ધાણા | ૧૩૦૦ | ૨૦૫૧ |
| ૧૭ | સોયાબીન | ૮૫૦ | – |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૨૦ | ૧૬૩૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૮૦ | ૧૩૯૦ |
| ૩ | મગફળી | ૧૧૨૦ | ૧૫૬૦ |
| ૪ | તલ સફેદ | ૧૪૭૦ | ૨૦૦૦ |
| ૫ | જીરૂ | ૨૯૩૦ | ૪૪૫૦ |
| ૬ | ચણા | ૯૮૦ | ૧૦૫૦ |
| ૭ | ઘઉં | ૪૭૦ | ૫૩૦ |
| ૮ | તુવેર | ૧૦૬૫ | ૧૪૧૫ |
| ૯ | ધાણા | ૧૦૧૫ | ૨૦૨૫ |
| ૧૦ | સોયાબીન | ૭૮૫ | ૯૭૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૯૯ |
| ૨ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૧૮ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૧૨ |
| ૪ | ચણા | ૮૦૦ | ૧૦૨૮ |
| ૫ | ધાણા | ૧૧૨૫ | ૧૬૩૫ |
| ૬ | સોયાબીન | ૭૮૦ | ૧૦૨૦ |
| ૭ | મગફળી | ૧૦૦૦ | ૧૨૫૧ |
| ૮ | તુવેર | ૧૦૬૦ | ૧૪૩૦ |
| ૯ | શીંગદાણા | ૧૪૩૦ | ૧૫૦૦ |
| ૧૦ | અડદ | ૮૦૦ | ૧૦૦૦ |
| ૧૧ | મગ | ૧૧૮૫ | ૧૧૮૫ |
| ૧૨ | એરંડી | ૧૦૬૦ | ૧૦૬૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૩૫ | ૧૪૩૫ |
| ૨ | મગફળી | ૧૧૮૫ | ૧૩૫૧ |
| ૩ | ઘઉં | ૪૪૫ | ૫૦૦ |
| ૪ | ચણા | ૧૦૨૬ | ૧૦૫૬ |
| ૫ | તુવેર | ૧૩૫૦ | ૧૪૯૨ |
| ૬ | શીંગદાણા | ૧૪૭૫ | ૧૪૭૫ |
| ૭ | સોયાબીન | ૭૭૦ | ૧૦૧૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૧૧ | ૧૩૭૦ |
| ૨ | તલ પીળા | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૩ | કપાસ | ૧૦૦૦ | ૧૬૧૦ |
| ૪ | બાજરો | ૩૨૧ | ૭૫૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૨૦ |
| ૬ | જુવાર | ૭૦૧ | ૧૨૭૩ |
| ૭ | તુવેર | ૮૭૬ | ૧૪૬૦ |
| ૮ | ચણા | ૯૦૦ | ૧૦૬૦ |
| ૯ | જીરૂ | ૪૦૦૧ | ૪૦૦૧ |
| ૧૦ | ધાણા | ૧૩૦૦ | ૧૭૦૦ |
| ૧૧ | સોયાબીન | ૯૦૦ | ૯૦૦ |
| ૧૨ | રાય | ૧૨૫૧ | ૧૨૫૧ |

# અમરેલી ખાતે "આયુરગ્લો" આયુર્વેદિક એસ્થેટિકસનો દબદબાભેર પ્રારંભ



અમરેલીનાં માણેકપરામાં આયુરગ્લો આયુર્વેદિક એસ્થેટિકસનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ડો.કેયુર કોટડીયા તેમજ ડો.બીના રાબડીયાનાં માતાના વરદ્ હસ્તે રીબીન કાપી તેમના સહપરિવારની ઉપસ્થિતીમાં અમરેલી શહેરના રાજયકક્ષામંત્રી તથા ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા તથા સાંસદ ભરત સુતરીયા, પુર્વ ધારાસભ્ય બાવકુભાઈ ઉંઘાડ, વસંતભાઈ મોવલીયા વિગેરે રાજકીય આગેવાનો તથા અમરેલી જિલ્લાના તમામ આયુર્વેદિક, હોમિયોપેથીક, એલોપેથી પ્રેકટીશનર ડોકટરો જેમાં ડો.ગજેરા, ડો.ગાંધી, ડો. ઉમા મેડમ, ઉનડકટ્ટ, ડો.ઘોડસરા, ડો.પરમાર, (રેડીયોલોજીસ્ટ), ડો.વિવેક જોષી, ડો.ચિરાગ કુબાવત, ડો.નાકરાણી, ડો.ધાજવડી, ડો.રાબડીયા, ડો.દેવ ચૌહાણ, ડો.રૂચિતા, ડો.ભવનેશ ભટ્ટ, ડો.જીતેન્દ્ર સોલંકી, ડો.લાખાણી, ડો.પડશાલા વિગેરે બહોળી સંખ્યામાં હાજર રહેલ તેમજ અમરેલીના લેબોરેટરી વિભાગના તમામ લોકો જેમકે અનિલભાઈ આડતીયા, રાજુભાઈ પંડયા, મિતલ ટાંક મેડમ, ડો.પાડા (રેડીયોલોજીસ્ટ), કાળુભાઈ તારપરા તેમજ સગા સ્નેહીઓ, મિત્રો, શુભેચ્છકો તમામ લોકોએ આ આધુનિક કિલનીકની બહોળી સંખ્યામાં આ શુભ પ્રસંગે મુલાકાત લઈને વિવિધ સારવાર બાબતે જાણકતારી મેળવેલ હતી.

## પુ. નિર્દોષાનંદજી આશ્રમે પધારતા દર્શનાર્થીઓ માટે

# સાવરકુંડલામાં મહા શિવરાત્રી પર્વે મુસ્લિમ બિરાદરો દ્વારા શરબત સેવા

### ભાઈચારાની અનોખી મિસાલ જોવા મળી

સાવરકુંડલા, તા. ૧૬

સમગ્ર દેશમાં મહાશિવરાત્રીના પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી ત્યારે સાવરકુંડલા ખાતે માનવતા અને કોમી એકતાના અદભૂત દ્રશ્યો જોવા મળ્યા હતા. અહીં સ્થિત પૂજય નિર્દોષાનંદ સ્વામીના આશ્રમ ખાતે દર્શનાર્થે ઉમટી પડેલા હજારો શ્રદ્ધાળુઓ માટે મુસ્લિમ સમાજના અગ્રણીઓ દ્વારા ઠંડા શરબતની સેવા પૂરી પાડીને સામાજિક સૌહાર્દનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરૂ પાડવામાં આવ્યું હતું. મહાશિવરાત્રી નિમિત્તે વહેલી સવારથી જ નિર્દોષાનંદ સ્વામીના આશ્રમમાં શિવાલયના દર્શન માટે ભકતોની ભારે ભીડ જોવા મળી હતી. આ આકરા તાપમાં દર્શનાર્થીઓને હાલાકી ન પડે તે હેતુથી મુસ્લિમ સમાજના આગેવાનો અને યુવાનો આગળ આવ્યા હતા. શિવભકતોને ઠંડુ



શરબત પીવડાવીને તેઓએ 'જીવ અને શિવ'ના સામીપ્યને ખરા અર્થમાં સાર્થક કર્યું હતું.આ પ્રસંગે ઉપસ્થિત અગ્રણીઓએ જણાવ્યું હતું કે, તહેવારો એ માત્ર ધાર્મિક વિધિ નથી પરંતુ પરસ્પર પ્રેમ અને ભાઈચારો વધારવાની તક છે. આશ્રમમાં આવતા દરેક શ્રદ્ધાળુનું સ્મિત સાથે સ્વાગત કરી, તેમને શરબત અર્પણ કરતી વખતે મુસ્લિમ અગ્રણીઓના ચહેરા પર એક અલગ જ સંતોષ જોવા મળતો હતો. આ દ્રશ્યોએ સાવરકુંડલાની વર્ષો જૂની સમરસતાની પરંપરાને વધુ વેગવંત બનાવી છે. આશ્રમમાં આવેલા ભકતો અને સ્થાનિક નગરજનોએ મુસ્લિમ સમાજની આ પહેલને મુકત કંઠે વધાવી લીધી હતી. લોકોમાં એવી ચર્ચા હતી કે જયાં પ્રેમ અને સેવા હોય છે ત્યાં ધર્મના વાડાઓ આપોઆપ ઓગળી જાય છે. આ અદભૂત સમન્વયે સાબિત કરી દીધું છે કે માનવતા એ જ સૌથી મોટો ધર્મ છે.

# જામબરવાળાની શાળાને ટ્રસ્ટીઓ દ્વારા રૂા.૫ લાખની ભેટ અર્પણ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા.૧૬

વી. એન. કથિરીયા એજયુ. ટ્રસ્ટ સંચાલિત વી. એન. પટેલ કલ્યાણ વિદ્યાલય, જામબરવાળા ખાતે શાળાના ઉદાર મનના ટ્રસ્ટીઓ દ્વારા વિદ્યાર્થીઓના હિતાર્થે આશરે રૂા. ૫ લાખની વિવિધ ભેટ અર્પણ કરવામાં આવી છે.શાળાના ટ્રસ્ટી ગોરધનભાઈ રણછોડભાઈ આસોદરીયા દ્વારા શાળામાં અંદાજે રૂા. ૨,૫૦,૦૦૦/– ના ખર્ચે આધુનિક સોલાર પેનલ લગાવી આપવામાં આવી છે. આ સુવિધાથી શાળાને વીજળીના ખર્ચમાં મોટી રાહત મળશે અને પર્યાવરણની જાળવણીમાં પણ સહયોગ મળશે.આ ઉપરાંત, અન્ય એક ટ્રસ્ટી નીકેશભાઈ કરશનભાઈ નાકરાણી તરફથી પણ ઉમદા કાર્ય કરવામાં આવ્યું છે. તેમણે રૂા. ૨,૫૦,૦૦૦ /– ની કિંમતના ફૂલસ્કેપ ચોપડાઓ શાળાને ભેટ આપ્યા છે. શાળા દ્વારા આ ચોપડાઓ દરેક બાળકને એક – એક ડઝન લેખે વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યા છે, જેથી વિદ્યાર્થીઓના અભ્યાસમાં મદદરૂપ થઈ શકાય.અત્રે ઉલ્લેખનીય છે કે, શાળાના ટ્રસ્ટીઓ અને ગામના અગ્રણીઓ દ્વારા અવાર નવાર શાળાને આવી ઉપયોગી ભેટો અર્પણ કરવામાં આવે છે. આ પ્રકારના પ્રેરણાદાયી કાર્યો બદલ ટ્રસ્ટના પ્રમુખ, શાળાનો સ્ટાફ પરિવાર અને ગ્રામજનો દ્વારા તમામ દાતાઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# અમરેલી સાયબર ક્રાઈમ અને તાલુકા પોલીસ દ્વારા સાયબર અવેરનેસ કાર્યક્રમ યોજાયો



અમરેલી,તા.૧૬

અમરેલી સાયબર ક્રાઈમ સેલ અને અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન દ્વારા નાગરિકો સાયબર ગુનાનો ભોગ ન બને તેમજ સાયબર ક્રાઈમ અંગે વ્યાપક જાગૃતિ ફેલાય તેવા હેતુસર સાયબર ક્રાઈમ પ્રિવેન્શન અને સાયબર અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન પોલીસ અધિકારીઓએ ઓનલાઈન ઠગાઈ, ફિશિંગ, OTP ફ્રોડ, સોશિયલ મીડિયા હેકિંગ, ફેક લિંકસ અને ડિજિટલ પેમેન્ટ સંબંધિત ગુનાઓ અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું.કાર્યક્રમમાં ઉપસ્થિત નાગરિકો, વિદ્યાર્થીઓ અને વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓને સાયબર સુરક્ષા અંગે જરૂરી સાવચેતીઓ રાખવા અંગે સમજાવવામાં આવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે અજાણી લિંકસ પર કિલક ન કરવી, OTP બેંક ડિટેલ્સ અથવા પાસવર્ડ કોઈ સાથે શેર ન કરવા અને શંકાસ્પદ કોલ અથવા મેસેજથી સાવધાન રહેવું અત્યંત જરૂરી છે.તેમજ કોઈપણ સાયબર ઠગાઈ બને તો તરત જ ૧૯૩૦ હેલ્પલાઈન અથવા નજીકના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવાની અપીલ કરવામાં આવી હતી. આ કાર્યક્રમ દ્વારા ડિજિટલ યુગમાં સુરક્ષિત રહેવા માટે જનજાગૃતિ વધારવાનો મહત્વપૂર્ણ પ્રયાસ કરવામાં આવ્યો હતો, જેથી નાગરિકો વધુ સજાગ બની સુરક્ષિત ડિજિટલ વ્યવહાર અપનાવી શકે.


શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૧૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૫૫

હવે આપના અમરેલીમાં કાન–નાક–ગળાના ડોક્ટર નિયમિત મળશે

NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
99789 66629

- અમરેલી જિલ્લામાં પ્રથમવાર કાનના પડદાનું ચીરો મૂક્યા વગર ઓપરેશનની સુવિધા ઉપલબ્ધ (Endoscopic Tympanoplasty).
- કાનના સડાનું ઓપરેશન તથા કાનની બહેરાશની તપાસ (ઓડિયોમેટ્રી).
- નાકના પડદાનું ઓપરેશન અને નાકના મસાનું દૂરબીનથી ઓપરેશન રાહતદરે કરી આપવામાં આવશે.
- ગળાની સ્વરપેટીના મસા તથા ગાંઠનું, કાકડા તેમજ એડેનોઇડ (Adenoid)ના ઓપરેશન કરી આપવામાં આવશે.
- થાઇરોઇડ ગ્રંથિના રોગોનું નિદાન તેમજ ઓપરેશનની સુવિધા ઉપલબ્ધ.
- જીભ તેમજ અન્ય મોઢાના અને ગળાના કેન્સરનું નિદાન અને સારવાર ની સુવિધા ઉપલબ્ધ.
- એલર્જીના રોગોનું નિદાન અને સારવાર.
- ચહેરાના પેરાલીસીસ માટે નિદાન અને સારવાર.
- નાસુરનું દૂરબીનથી ઓપરેશન રાહતદરે કરી આપવામાં આવશે (ચેકો મુક્યા વગર).
- કાન -નાક -ગળા ને લગતી કોઈપણ તકલીફ માટે સારવાર રાહતદરે કરી આપવામાં આવશે.

સોમવાર થી શનિવાર
સવારે ૯:૩૦ થી ૨, સાંજે ૫ થી ૮

24/7 Emergency Services

Dr. Rutvij Mehta
M.S., (ENT)

# વડિયા નજીક આવેલ હનુમાન ખીજડીયામાંથી દૂધ ભરાયાની આશંકા

# શંકાસ્પદ દૂધ ભરેલ ટેન્કરનો પીછો કરાતા થયો હુમલો

**આમ આદમી પાર્ટીનાં અગ્રણી યુવરાજસિંહ જાડેજા સહિત ૩ વ્યકિતઓ પર હુમલો થતાં ચકચાર**

**''આપ'' અગ્રણીઓએ વડિયા અને જેતપુર ગ્રામ્ય પોલીસમાં રજૂઆત કરી**

**શંકાસ્પદ દૂધ અરવલ્લી જિલ્લાનાં કેટલાંક ગામોની મંડળીને પહોંચતું કરવાનું હતું**

**''આપ''નાં અગ્રણીઓએ મામલતદાર તેમજ ફૂડ વિભાગને દૂધનાં નમૂનાં લેવા અનુરોધ કર્યો**



વડિયા, તા. ૧૬

આમ આદમી પાર્ટી યુવા નેતા યુવરાજસિંહ જાડેજા, ધાર્મિક માથુકીયા, દિલીપ ભૂવા સહિતના આપ આગેવાનો દ્વારા શંકાસ્પદ દૂધનું ટેન્કર અટકાવી પોલીસ સ્ટેશન પર લઈ જવામાં આવ્યું હતુ. આ તકે યુવરાજસિંહ જાડેજાએ વિગતવાર જણાવતા કહ્યું હતું કે ગુજરાતમાં નકલી દૂધનો વેપાર મોટા પાયે ચાલી રહ્યો હોવાની શંકા છે અને છેલ્લા ત્રણ મહિનાથી તેઓ આ મુદ્દે સતત તપાસ કરી રહ્યા હતા. હનુમાન ખિજડિયા ગામમાંથી રોજ બે જેટલા દૂધના ટેન્કર નીકળી ગાંધીનગર અને અરવલ્લી વિસ્તાર તરફ જતા હોવાની માહિતી તેમને મળી હતી. દૂધ સાચું છે કે નકલી તે જાણી લેવા માટે તેઓ સતત આ ટેન્કરોનો પીછો કરતા હતા. આજે પરબવાવડીથી હનુમાન ખિજડિયા તરફ જતા સમયે તેમના પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતુ. ટેન્કર ડ્રાઈવર અને

અનુસંધાન પાના ૬ ઉપર

અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર મેગાસીટીમાં થતા ફુવારા પદ્ધતિ (TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજીથી મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા) મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ
અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર Cash-less Hospital
નીચેની તમામ કંપનીના વીમાધારકોનાં આંખનાં તમામ ઓપરેશનો જેમકે મોતિયો (ઉચ્ચ નેત્રમણી) સાથે, વેલ, ઝામર, નાસુર વગેરે તદન ફ્રી (કેશ લેસ) કરી આપવામાં આવશે.
ડો.અભિષેક ઠાકર
આંખના સર્જન
ડો.સોનલબેન ઠાકર
ડેન્ટલ સર્જન
ડો.હર્ષિત ઠાકર
RAHEJA QBE, bharti AXA, HDFC ERGO, Medi Assist, ICICI Lombard, ACKO, RELIANCE, SBI General, STAR, TATA AIG, care, digit, Liberty
દ્રષ્ટિ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
રોયલ કોમ્પ્લેક્ષની બાજુમાં ચિત્તલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭, ૨૩૩૫૬૫

જોઇએ છે
પેટ્રોલ પંપ માટે ડિઝલ, પેટ્રોલ ભરી શકે તેવા ઉત્સાહી લેડીઝ / જેન્ટસ ની જરૂર છે
આર.ડી. પેટ્રોલ પંપ
એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી.
મો. ૯૭૨૬૧ ૨૭૭૭૭

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,40,900/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૬/૦૨/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સએપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૪૯ ૩૧૩૬૬

ખૂબ ખૂબ અભિનંદન.....
સમગ્ર ગુજરાત રાજ્યમાં GPSC માં ૧૧માં રેન્ક સાથે ઉર્તીણ થઈને ગૃહ વિભાગના ફોરેન્સિક ડિપાર્ટમેન્ટમાં સાયન્ટિફિક ઓફિસર (ક્લાસ – ૨)નું પોસ્ટિંગ મેળવતા શ્રી યુવરાજભાઈ પી. ચાંદુ (મુ.વુવારા) ને ખૂબ ખૂબ અભિનંદન સહ ઉત્તરોત્તર પ્રગતિ કરતાં રહે એજ અંત:કરણપૂર્વકની અભ્યર્થના સહ પરમેશ્વર પાસે પ્રાર્થના.....
શુભેચ્છક
ડો. જયરાજ સાવજભાઈ ચાંદુ | પ્રકાશ સાવજભાઈ ચાંદુ
મનવીર જયરાજભાઈ ચાંદુ | યુગવીર પ્રકાશભાઈ ચાંદુ
-મુ.વાવેરા

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઇ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
- Business Development Manager
Experience : 1-2 Years
- Senior Accountant - 1
Experience : 1-2 Years (Male)
- Junior Finance Officer - 1
Experience : 1-2 Years (Male)
- Parlour Manager - 1
Experience : 1-2 Years
- Cashier - 1
Experience : 1-2 Years
- Sales Coordinator - 2
Experience : 1-2 Years
Location :
Amreli
hrscpl1987@gmail.com
+91 95109 59957

naari IVF
''નવી આશા, નવી યાત્રા''
અમે તકનીકી દ્રષ્ટિએ અદ્યતન IVF સારવાર અને સંપૂર્ણ મેડિકલ માર્ગદર્શન આપીને દંપતિઓને માતા-પિતા બનવાનો અવસર પ્રદાન કરીએ છીએ..
નારી હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
Mo.78620 37707

LG Life's Good.
Thank You India for Making LG Most Trusted Brand
LG celebrates a historic Initial Public Offering (IPO) with never-before offers.
IPO CELEBRATION OFFERS
50% Off + 10% GST Benefits
Scratch & Win Instant Discount ₹9990
15% CASHBACK | 0 DOWN PAYMENT | EMI Starting ₹888 | LG BEST Care 20%
LG BEST SHOP મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચક્કરગઢ રોડ, અમરેલી
Mo.94081 59606 / 99747 72377
VISIT LG BEST SHOP FOR ATTRACTIVE CASH BACK

*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)